

# લાગણીનો દસ્તાવેજ

## શ્રદ્ધાસુમન

સંકલન : લાલુભાઈ ટપુભાઈ સોનાણી

# લાગણીનો દસ્તાવેજ... શ્રદ્ધાસુમન

:: સંકલન ::
લાભુભાઈ ટી. સોનાણી

:: મુદ્રક ::
સુરેશ ત્રિવેદી, રત્ના પ્રિન્ટર્સ, ભાવનગર

:: પ્રથમ આવૃત્તિ ::
તા.૧૧/૦૯/૨૦૨૧, શનિવાર

:: પ્રકાશક::

© અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, ભાવનગર

:: કિંમત : અમૂલ્ય ::

:: પ્રાપ્તિ સ્થાન ::
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,
ભાવનગર (ગુજરાત)

ફોન નં. ૦૨૭૮-૨૪૨૩૯૧૭, ૨૫૧૨૦૨૧
મોબાઈલ : ૯૩૭૬૬૮૮૫૮૪
Website : www.ltsonani.com

E-mail :- Ltsonani@gmail.com
Facebook Page :- Labhubhai T. Sonani
Youtube Channel :- Shri Labhubhai T Sonani





## પ્રાસ્તાવિક

ઊર્મિના ખેતરમાં થયેલી ખેતી વિશે મારે થોડા શબ્દોમાં વિગતે વાત કરવી છે.

કોઈ શિક્ષકના ભાવો અંતરની એરણે ચડે છે ત્યારે સાહિત્યનું સર્જન થાય છે. જ્યારે તે વર્ગખંડમાં સોળે કળાએ ખીલી ઊઠે છે ત્યારે તેના હૃદયમાંથી શબ્દની સરવાણી ફૂટી નીકળે છે.

નીલાબેન સુરેન્દ્રભાઈ શાહ ઘનશ્યામનગરની પ્રાથમિક શાળાના ધોરણ ચારના વર્ગખંડમાં તારીખ ૦૭ એપ્રિલ ૨૦૧૬ના રોજ વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયનો એકમ ભણાવી રહ્યાં હતાં. અચાનક અંતરમાં જાગેલા ભાવો ધસમસતી સરિતાની જેમ હાલી નીકળ્યા. તેમના મનમાં ધરબાયેલો સર્જક, ભોંમાં દટાયેલા બીજની માફક ઊગી નીકળ્યો બાળકોને સ્પર્શી જાય તેવા ગીતો લખવાનું શરૂ કર્યું.

સર્જકની કલમે લખાયેલ ગીતો અમને મારા જીવનસાથી એટલે કે શ્રી નીલાબેન શાહની કોવિડની બીમારીના કારણે થયેલ અવસાન બાદ મોબાઈલની ગૅલરીમાંથી મળી આવ્યા. મને થયું કે – 'આ તમામ ગીતોનો સંગ્રહ થવો જોઈએ. એટલું જ નહિ શાળામાં ભણતા બાળકો સુધી તે પહોંચવા જોઈએ.' જોકે તેમની વિદાય મને સહી ન શકાય તેવી ચોટ આપી રહી હતી. તેમ છતાં તેમની કલમે લખાયેલા ગીતોનું પ્રકાશન કરવાની લાલસા હું રોકી શક્યો નહિ. પ્રત્યેક ગીતના શબ્દો મને ઊર્જા આપી રહયા હતા. એક જીવનસાથીનો સાથ અચાનક છૂટી જવા છતાં મન કઠણ કરી પુસ્તક લેખન અને તેનું સંકલન સમયસર પૂરું કરવાનો સંકલ્પ કરી લીધો. પુસ્તિકાના પાને-પાને ઊર્મિની કલમે અક્ષરદેહ પામેલા ગીતો તેમની લાગણીના બાગમાં મઘમઘતા પુષ્પોની જેમ મહેંકી રહ્યા છે. તેમની સુગંધ શિક્ષણની સાધના બની નવી કેડી કંડારશે.

એટલું જ નહિ દીકરી નિષ્ઠાનાં અંતરમાં જાગેલા ભાવો માતૃવંદનાના સૂર રેલાવશે. શુભચ્છકોનાં સંદેશ સૌ કોઈને તરબતર કરી સંબંધના છોડ રોપશે. દરેક સ્નેહીજન તરફથી મળેલો પ્રેમ અમારા પરિવારને હૂંફ પૂરી પાડી રહ્યો છે. જીવનના આંગણે આવી પડેલી સમસ્યા બરફની જેમ ધીરે-ધીરે પીગળવા લાગશે. મમતાની વાદળીમાંથી રીમઝીમ વરસતી વર્ષા જીવનમાં ચોમેર હરિયાળી પાથરશે.

નીલા જિંદગીનાં મોરચે જીત મેળવી અનંતની યાત્રાએ નીકળી છે. તેમના કાર્યોને જીવંત રાખવા ''લાગણીનો દસ્તાવેજ'' પુસ્તિકાનું સંકલન કર્યું છે. મૃત્યુ વારી ન શકાય તેવી ઘટના છે, પરંતુ સર્જક કયારેય મરતો નથી. તે તો વાચકના દિલમાં હંમેશાં રાજ કરે છે. નીલાની સર્જનકલાને લોકભોગ્ય બનાવવા તેમની કલમે લખાયેલા ગીતો ''લાગણીનો દસ્તાવેજ'' હું આપના કરકમળમાં મૂકતા અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

- લાભુભાઈ સોનાણી

---

## પુસ્તક વિમોચન સમિતિ

સ્વ. શ્રી નીલાબેન સોનાણીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા
તેમના જીવનકવન પર તૈયાર થયેલ પુસ્તિકા લાગણીનો દસ્તાવેજ

સંકલન : શ્રી લાભુભાઈ સોનાણી

પ્રકાશન અને વિમોચન સમિતિ

શ્રી કીર્તિભાઈ એસ. શાહ
ચૅરમૅન

શ્રી પંકજભાઈ એન. ત્રિવેદી
કન્વીનર

સભ્યો

શ્રી ઘનશ્યામભાઈ બારૈયા
શ્રી સુરેશભાઈ ત્રિવેદી
શ્રી હસમુખભાઈ ધોરડા
શ્રી મહેશભાઈ પાઠક
શ્રી તારકભાઈ લુહાર
શ્રી કનુભાઈ પટેલ
શ્રી નિષ્ઠા સોનાણી







## ઋણ સ્વીકાર

આ પુસ્તિકાનું સંપાદન અને જરૂરી સામગ્રી એકઠી કરવામાં જેમનો અમોને સાથ મળ્યો છે -એવા તમામ મિત્રોનો હું અંતરથી આભાર માનું છું. સૌ પ્રથમ હું નીલાનો બગડી ગયેલો મોબાઈલ શરૂ કરી આપનાર, રિપેરર દુકાનદારનો અંતરથી આભાર માનું છું. જો બગડી ગયેલો મોબાઈલ શરૂ થઈ શકયો ન હોત તો નીલાની કલમે લખાયેલા ગીતો અને જરૂરી નોંધ અમોને મળી શકી ન હોત. મોબાઈલ રિપેર થઈ જતા અમોને રેકોર્ડ થયેલા કાવ્યો, સંવાદો અને વર્ગખંડમાં થયેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓની જાણકારી મળી શકી. અન્યથા તે કાર્ય શકય બન્યું ન હોત.

'લાગણીનો દસ્તાવેજ' પુસ્તિકાનાં સંપાદન અને મુદ્રણકાર્યમાં ટેકો આપનાર શ્રી સુરેશભાઈ ત્રિવેદી તથા શ્રી હિતેશ કે. સોલંકી (કોમ્પ્યુટર ડીઝાઈન), ભાષાવિદ ઘનશ્યામભાઈ બારૈયા, ટાઈપ સેટિંગ હર્ષ ધ્રાંગધરિયા, દીકરી નિષ્ઠા સોનાણી, પંકજભાઈ એન. ત્રિવેદી, હસમુખભાઈ ધોરડા, કનુભાઈ પટેલ, મહેશભાઈ પાઠક સહિતના નામી અનામી મહાનુભાવોનો હું અંતરથી આભાર માનું છું.

- લાભુભાઈ સોનાણી



## અનુક્રમણિકા


(૧) કોરોના ભગાડો ............................ ૨૬

(૨) શાળા ગીત ......................... ૨૭

(૩) ગુણોત્સવ ગીત ...................... ૨૮

(૪) પ્રવેશોત્સવ ગીત ...................... ૨૮

(૫) સ્વચ્છતા અભિયાન ગીત ............. ૨૯

(૬) ઋતુ ગીત ........... ૨૯

(૭) રંગીલા બાળકો (બાળગીત) ................ ૩૦

(૮) રમકડાંની ટોપલી (બાળગીત) .................. ૩૧

(૯) સૃષ્ટિ તમારી (પ્રાર્થનાગીત) .................. ૩૨

(૧૦) વિદાય ગીત વસમી વેળા .................... ૩૨

(૧૧) મોંગલ માનો ગરબો ......................... ૩૩

(૧૨) પંખીગીત ......................... ૩૪

(૧૩) હોળીગીત ................ ૩૪

(૧૪) સપ્તાહ ગીત ............. ૩૫




ભગવાનના નામ-જપ-ઉચ્ચારણથી વાતાવરણ શાંત, આનંદમય અને સુખદાયી બને છે.



## અનુક્રમણિકા


(૧૫) વૅકેશન ગીત ......................... ૩૫

(૧૬) દેશ ગૌરવ ગીત .............................. ૩૬

(૧૭) અગરિયા ગીત .................. ૩૬

(૧૮) તરુગીત ............. ૩૭

(૧૯) બેટી બચાવો ગીત .................. ૩૭

(૨૦) યોગગીત ......... ૩૮

(૨૧) વર્ષાગીત ................. ૩૮

(૨૨) આ દીકરી કેવી લાગે છે ! ..................... ૩૯

(૨૩) અખૂટ શક્તિનો ભંડાર ........................... ૪૦

(૨૪) ઍન્ડ્રોઈડ ફોન ............................ ૪૧

(૨૫) હોમ મૅનેજમેન્ટ ........................... ૪૧

(૨૬) મારું બાળપણ ........... ૪૨

(૨૭) સુખી પરિવાર ....... ૪૩

(૨૮) તારો બધો સામાન લઈને આવજે ............... ૪૪

(૨૯) શ્રદ્ધાંજલી પેઈઝ તથા શોક સંદેશાઓ ............... ૪૬




પ્રાર્થનાઃ આપણે બોલીએ પરમાત્મા સાંભળે, ધ્યાનઃ પરમાત્મા બોલે, આપણે સાંભળીએ





YUVRAJ JAIVEERRAJ SINGH GOHIL OF BHAVNAGAR

ભગવાન સર્જીત , પોષીત , પ્રેરીત આ જગતમાં , આપ ખુશ નસીબ છો કે ભગવાને આપને જીવન સાથી તરીકે નીલાબેન જેવા સંન્નારી ની અમુલ્ય ભેટ આપેલ . તેમણે જેજે ક્ષેત્ર ને સ્પર્શ કર્યો છે , ત્યાં એક નવી જ આભા અને ઊન્નતીએ આવી અને વાસ કરેલ છે . જે અમારા જેવા કરતા એક જરૂરીયાત મંદ પ્રજ્ઞાચક્ષુ વધુ સમજી અને અનુભવી શકે છે.

તેમની ટુકી જીવન યાત્રા માં આપેલા અનેક સાચા , સારા અને સુમધુર સ્મરણો અનેક ને પ્રેરણા રૂપ અને જીવન ધબકતુ રાખવા આધાર રૂપ બનશે . તેઓ આપના લાગણી થકી રચીત શબ્દો શરીરે સદાય જીવંત રહેશે .

જયવીરરાજસિંહ ગોહિલ

શ્રી યુવરાજ ઓફ ભાવનગર

NILAMBAG PALACE, BHAVNAGAR - 364 002. GUJARAT. INDIA.
Mobile : +91 9920727629
Email : nilambagpalacehotel@gmail.com • Website : www.nilambagpalace.com



*તમને કોઈ રીજેક્ટ કરે ત્યારે માનશો કે કુદરત તમારું વધુ કલ્યાણ ઈચ્છે છે*



# લાગણીનો દસ્તાવેજ
## શ્રદ્ધાસુમન









*કોઈ ન જોતું હોઈ ત્યાં ઈશ્વર તો જોતો જ હોઈ છે એ જીવન રૂપાંતરની ચાવી છે.*











*તમે કોઈ પણથી ભાગી શકો છો પરંતુ ઈશ્વરથી નહીં*













*આત્માનું અમૃત ઔષધ એટલે સત્સંગ*


















લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન





































અકાલ મૃત્યુ વો મેરે જો દાસ હો ચંડાલ કા, કાલ ઉસકા ક્યા કરે જો સેવક હો મહાકાલ કા

લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન

















સાચુંસુખ મેળવવા પ્રાર્થના અનિવાર્ય તત્વ છે, તે સૃષ્ટિને-સર્જકને જોડે છે





















શિવપૂજન કલ્યાણકારી છે, શિવદર્શન સુખદાયક છે






















અધ્યાત્મ એટલે અંતિમ સત્યની ખોજ પરમાત્માની શોધ.























ભગવાન શિવજી જ્યોતિર્લિંગમાં બિરાજમાન છે.

લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન



















છે મંત્ર મહામંગલકારી ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય...























લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન



















colors


colors
નિલા સોનાણી
ભાવનગર




colors


સ્વ. વિનોદરાય હરિલાલ




















શ્રી ઘનશ્યામનગર પ્રા. શાળા













*પ્રેતાત્મા ઈશ્વરનું નામ સહન કરી શકે નહીં, કોઈપણ સ્થિતિમાં નામ જપ કરી શકાય*

લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન













*શિવ તે પરબ્રહ્મ પરમાત્મા છે, શિવ આરાધના તુરત ફળે છે.*

# સ્વ. નીલાબેન એલ.સોનાણી રચિત રચનાઓ...

## કોરોના ભગાડો

કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...(૨)
આખા વિશ્વને બચાવીએ રે ચાલો ભગાડીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ... (૨)
ઘરમાં રહીએ ને બહાર ન જઈએ, લૉકડાઉન નિયમનું પાલન કરીએ,
સોશિયલ ડિસ્ટન્સને અક્સીર અપનાવીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ... (૨)
પાણી ને સાબુથી હાથ પહેલા ધોઈએ, સેનિટાઈઝરને ઉપયોગમાં લઈએ,
છીંક, ઉધરસ આડે રૂમાલ રાખીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...(૨)
આવેલ આફતને આપણે હરાવીએ, સાથે મળી જંગ જરૂર જીતીએ
દુનિયામાં દેશનો ડંકો વગાડીએ, કોરોના વાઈરસને ચાલો ભગાડીએ,
કોરોના વાઈરસને ચાલો ભગાડીએ...(૨)

**- નીલાબેન એલ.સોનાણી**








## શાળા ગીત

ગરવી ગુજરાતની પ્રાથમિક શાળામાં,
પાયાનું શિક્ષણ અપાય રે,
શાળા મારી કેવી રૂપાળી !
માન-સન્માનની પ્રથા પળાય છે.
સંસ્કારનું સિંચન પણ થાય રે,
શાળા મારી કેવી રૂપાળી ! ગરવી ગુજરાતની...
સંગીતના સૂર સાથે પ્રાર્થના ગવાઈ છે.
વિવિધ પ્રવૃત્તિ અહીં થાય રે,
શાળા મારી કેવી રૂપાળી ! ગરવી ગુજરાતની...
પર્યાવરણ ને ગણિત, ગુજરાતી, અંગ્રેજીનું જ્ઞાન અપાય રે,
શાળા મારી કેવી રૂપાળી ! ગરવી ગુજરાતની...
યોગ-કસરતના દાવ શીખવાય છે.
અવનવી રમતો રમાય રે,
શાળા મારી કેવી રૂપાળી ! ગરવી ગુજરાતની...
પુનિત પ્રસંગ ઉત્સવ ઉજવાય છે
ઉમંગે હૈયુ હરખાય રે,
શાળા મારી કેવી રૂપાળી ! ગરવી ગુજરાતની...
સર્વ સહિયારા, નમ્ર પ્રયાસથી;
સિદ્ધિના શિખરો ચડાય રે,
શાળા મારી કેવી રૂપાળી ! ગરવી ગુજરાતની...

**- નીલાબેન એલ.સોનાણી**

## ગુણોત્સવ ગીત

ગુણોત્સવ, ગુણોત્સવ, શાળામાં આવ્યો ગુણોત્સવ
મૂલ્યાંકનનો છે નિચોડ, એ જ સાચો ગુણોત્સવ.
ઉત્સવોમાં મહા ઉત્સવ એ જ કહેવાય ગુણોત્સવ,
પહેલો આવે પ્રવેશોત્સવ, બીજો આવે રમતોત્સવ
ત્રીજો આવે ગુણોત્સવ, પણ જ્ઞાનનો એ દીપોત્સવ
ગુણોત્સવ, ગુણોત્સવ...
અક્ષરના અજવાળા થાય, શિક્ષણમાં સુધારા થાય
વાંચન ગણન ને લેખન, સૌ કરે એનું ચિંતન
ગામે-ગામે ગુણોત્સવ, રાજયભરનો રંગોત્સવ,
ગુણોત્સવ, ગુણોત્સવ...

## પ્રવેશોત્સવ ગીત

અમે નાનાં નાનાં ભૂલકાં, અમે પ્રવેશોત્સવના મણકા;
પહેલો પ્રવેશ અમે પામી લઈએ, નિત નિશાળે આવીએ.
અમે નિત નિશાળે આવીએ.
અમે નાનાં-નાનાં...
રોજ નિશાળે જઈને અમે સૌ, હળીમળીને ભણીએ;
અમે હળીમળીને ભણીએ,
અમે નાનાં-નાનાં...
શિક્ષક આવે ત્યારે અમે સૌ, મીઠું મોં મલકાવીએ;
અમે મીઠું મોં મલકાવીએ,
અમે નાનાં-નાનાં...
હસતા રમતા ગીતો ગાતા, ફેરફુદરડી ફરતાં,
અમે ફેરફુદરડી ફરતા,
અમે નાનાં-નાનાં...
આડા-અવળા લીટા કરીએ, લખીએ એકડા-બગડા;
અમે લખીએ એકડા-બગડા,
અમે નાનાં-નાનાં...
આનંદ ને ઉમંગની સાથે અંતે છૂટા પડીએ,
અમે નાનાં નાનાં ભૂલકા,
અમે પ્રવેશોત્સવના મણકા !





## સ્વચ્છતા અભિયાન ગીત

જીવનમંત્ર એક, સ્વચ્છતા અભિયાનનો;
અમારો મંત્ર એક સ્વચ્છતા અભિયાનનો,
ભારત સ્વચ્છ ને ભારત સ્વસ્થનો,
અમારો સંગ સ્વચ્છતા અભિયાનનો, જીવનમંત્ર...
પહેલું પગથિયું તનની સફાઈનું,
તંદુરસ્તીની સમૃદ્ધિ લાવ્યું.
તન ચોખ્ખું તો મન ચોખ્ખું
અમારો મંત્ર સ્વચ્છતા અભિયાનનો, જીવનમંત્ર...
ચોખ્ખા ઘરનું આંગણ ને, ચોખ્ખા ઘરનો ચોક હોય;
રોગ બીમારીનું ભૂત ભાગી જાય
હૈયામાં હર્ષની હેલી વરસી જાય,
અમારો મંત્ર સ્વચ્છતા અભિયાનનો, જીવનમંત્ર...
ગામ ને ગલીઓમાં રોજ સફાઈ થાય,
માણસના મનમાં ટેક લેવાઈ જાય,
ઉપયોગ કરીશું અમે કચરા ટોપલીનો,
અમારો મંત્ર સ્વચ્છતા અભિયાનનો, જીવનમંત્ર...
ગોકુળિયા ગામનું સ્વપ્નું સાકાર થાય,
આખા ભારતમાં ગીત ગુંજતુ થાય,
ગંદકીનું નામનિશાન મીટી જાય,
અમારો મંત્ર સ્વચ્છતા અભિયાનનો,
જીવનમંત્ર એક, સ્વચ્છતા અભિયાનનો.

## ઋતુ ગીત

વસંત આવી, ફૂલડાં લાવી;
ઉર ઉરમાં ઉલ્લાસ જગાવી.
આંબા ડાળે, કોયલ બોલે;
કુહુ કુહુ કરતી, સૌને જગાડે.
વસંતઋતુનું આગમન કરે;
વસંત આવી, ફૂલડા લાવી.
ભાત-ભાતના વૃક્ષો ખીલ્યા,

ડાળે ડાળે પાંદડા ફૂટ્યા,
રંગબેરંગી ફૂલડાં ફોર્યા
વસંત આવી ફૂલડાં લાવી.
પ્રકૃતિની શોભા વધારે,
વાતાવરણમાં ખુશબૂ ફેલાવે,
મન માનવના પુલકિત રાખે,
વસંત આવી ફૂલડાં લાવી
આનંદ ને ઉમંગની સાથે,
પંચમ સૂરે ગીત ગવાઈ,
તહેવારોની રમઝટ જામે,
વસંત આવી ફૂલડાં લાવી.

## રંગીલાં બાળકો (બાળગીત)

રંગીલાં રૂપાળાં હોંશીલાં આ બાલુડાં,
સવારે ઊઠતાં ને બ્રશ સ્નાન કરતાં,
વડીલ મોટેરાને વંદન એ કરતાં,
રંગીલાં રૂપાળાં...
દોડતાં કૂદતાં નિશાળે આવતાં,
નમસ્તે નમસ્તે શિક્ષકને કરતા,
રંગીલાં રૂપાળાં...
મીઠું મીઠું હસતાં ને મોંહ મલકાવતાં,
એથી તે સૌને વ્હાલાં-વ્હાલાં લાગતાં,
રંગીલાં રૂપાળાં...
પોત-પોતાના કામમાં જોડાતાં,
સંગે ભેળા મળી સ્વચ્છતા જાળવતાં,
રંગીલાં રૂપાળાં...
ગીતાના જ્ઞાનથી પ્રાર્થના તે કરતાં,
ગીત અભિનય ને પ્રશ્ન પણ પૂછતાં,
રંગીલાં રૂપાળાં...
વર્ગમાં જાતાં ને ગગન ગજાવતાં,
જીવન શિક્ષણના પાઠ સૌ શીખતાં,
રંગીલાં રૂપાળાં હોંશીલાં આ બાલુડાં.







## રમકડાની ટોપલી (બાળગીત)

રમકડાં લ્યો કોઈ રમકડાં લ્યો,
ભરી છે ટોપલી રમકડાની.
ઢીંગલી લાવી છું રૂડી રૂપાળી,
જીવનની સાથે એ સંવેદના જોડી.
લાગણીના તાંતણે બંધાઈ,
ભરી છે ટોપલી રમકડાંની,
રમકડાં લ્યો...
લાલ ને પીળી હું મોટર લાવી,
ધીમી ને ઝડપની ગતિથી ચાલી,
ગતિના જ્ઞાનની શીખ આપી,
ભરી છે ટોપલી રમકડાની
રમકડાં લ્યો...
ઊંચે આકાશમાં વિમાન ઉડાડો,
રંગીલાં સ્વપ્નામાં ખુશીથી નાચો,
પરીઓના દેશના પ્રવાસી,
ભરી છે ટોપલી રમકડાની,
રમકડાં લ્યો...
આવે જો સ્થિતિ કાંઈ સંકટ સમયની
ફૂટે ફટાક મહીં બંદૂકની ગોળી,
નીડરતાની નિશાની,
ભરી છે ટોપલી રમકડાની,
રમકડાં લ્યો...
વાંસળી વગાડો ને ફુગ્ગા ફુલાવો,
ઘૂઘરાના તાલે દોસ્તો ધૂન મચાઓ,
માણી લ્યો મહેફીલની એક જ ઘડી,
ભરી છે ટોપલી રમકડાની,
રમકડાં લ્યો કોઈ રમકડાં લ્યો,
ભરી છે ટોપલી રમકડાની.

## સૃષ્ટિ તમારી (પ્રાર્થનાગીત)

આ છે સૃષ્ટિ તમારી તમારી,
આ છે સૃષ્ટિ તમારી,
તેં સર્જેલી પ્રભુ સૃષ્ટિ ન્યારી,
સૌને લાગે અતિ પ્યારી પ્યારી,
આ છે સૃષ્ટિ તમારી તમારી, આ છે...
ફૂલ, બગીચા, ફળોની વાડી;
ચોતરફ હરિયાળી હરિયાળી,
પ્રસરી સુવાસ મીઠી મધુરી,
આ છે સૃષ્ટિ તમારી.
મોહ માયામાં ફસાવનારી,
માનવની મતિ થઈ ઘણી મેલી,
જૂઠી જગમાં માયા જાણી,
આ છે સૃષ્ટિ તમારી,
અમ અંતરની ખોલો બારી,
સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,
વંદુ તુજને વારી વારી,
આ છે સૃષ્ટિ તમારી.

## વસમી વેળા (વિદાયગીત)

વસમી વિદાયની વેળા,
આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.
તમારા સંગે આનંદ ઉમંગે,
મળી ગયા મનના મેળા,
આવી પહોંચી વસમી વિદાયની વેળા.
જીવન ઉપવનમાં મીઠી સુગંધના
બની જાય ફૂલના કયારા,
આવી પહોંચી વસમી વિદાયની વેળા.
માનવતાના ગુણલા તમારા,
રાખે ઊંચી જીવનધારા,
તેથી લાગો છો અમને પ્યારા, પ્યારા, પ્યારા.







વસમી વિદાયની વેળા.
પ્રભુના સથવારે અંતરના અજવાળે,
ઝગમગી ઊઠે ઉજાળા,
આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.
સ્નેહ ભરેલા સ્મરણો આપણા,
કાયમ રહે તાજાં - તાજાં,
એ જ અમારી અભિલાષા.
આવી પહોંચી આ વસમી વિદાયની વેળા.

## મોંગલમાનો ગરબો

મોંગલ મોરી માવડી, મારી જગ જનેતા રે,
મોંગલ મોરી માવડી, મારી જગ જનેતા રે,
માડી તારા પાળે આવ્યાં અમે નાના નાના બાળ,
ભક્તજનોના દુઃખદરિદ્ર, ભક્તજનોના દુઃખ દરિદ્ર દૂર કરોને મા,
મોંગલ મોરી માવડી...
માડી તારી કરું ભક્તિ, શક્તિ આપોને, મને શક્તિ આપોને,
શ્રદ્ધા કેરો દીવડો મારો, જગતો રાખોને, માડી જગતો રાખોને,
મોંગલ મોરી માવડી...
જીવન કેરી નૈયા મારી પાર ઉતારોને, માડી પાર ઉતારોને,
શોધી રહી છું આજ કિનારો, શોધી રહી છું આજ કિનારો,
ગોતી દયો ને રે, માડી ગોતી દયો ને રે,
મોંગલ મોરી માવડી...
જિંદગીથી હું હારી ગયેલી, જિંદગીથી હું હારી ગયેલી,
હૈયામાં નથી હામ, હવે માડી હૈયામાં નથી હામ,
જિંદગીની બાજી જીતવા માટે, હિંમત પૂરો ને મારી;
માડી હિંમત પૂરો ને,
મોંગલ મોરી માવડી, મારી જગ જનેતા રે;
મોંગલ મોરી માવડી મારી જગ જનેતા રે.

## પંખીગીત

ઓ! પ્યારાં પ્યારાં પંખીડાં.
તમે અમ સૌના છો વાલીડા,
તમે પ્રાતકાળે જાગો છો,
તમે નિત પ્રભાને જગાડો છો,
તમે મીઠો કલરવ કરો છો,
ઓ ! પ્યારાં પ્યારાં પંખીડાં,
ઓ ! પ્યારાં પ્યારાં પંખીડાં, તમે અમ સૌના છો વાલીડાં,
તમે તરવરુ શાખે ફરો છો,
તમે દાણા ને ચણ શોધો છો,
તમે નિરાંતે ચણ ચણો છો, ઓ !પ્યારા પ્યારા પંખીડા
ઓ! પ્યારાં પ્યારાં પંખીડાં, તમે અમ સૌના છો વાલીડાં.
તમે સુંદર માળો બનાવો છો.
તમે મહેનતમાં સૌ માનો છો,
તમે માનવના છો પ્રેરકરૂપ, ઓ ! પ્યારાં પ્યારાં પંખીડાં,
ઓ ! પ્યારાં પ્યારાં પંખીડાં, તમે અમ સૌના છો વાલીડાં.
તમે ઊંચે ગગનમાં વિહરો છો,
તમે એક કતારે ઊડો છો.
તમે શિસ્તનો સંદેશ આપો છો, ઓ ! પ્યારાં પ્યારાં પંખીડાં,
ઓ ! પ્યારાં પ્યારાં પંખીડાં, તમે અમ સૌના છો વાલીડાં.

## હોળીગીત

હોળી ને ધુળેટી આવી, ઊડે રે ગુલાલ,
બાળકોની ટોળી જામી ઊડે રે ગુલાલ,
રંગભરી પિચકારી હાથે ઊડે રે ગુલાલ.
નાના-મોટા સૌની સાથે ઊડે રે ગુલાલ, હોળી ને...
પાણીમાં કેસૂડો ઘોળ્યો ઊડે રે ગુલાલ,
શીતળ સંગે ખુશબો પ્રસરે ઊડે રે ગુલાલ,
ચાલો ભેરુ હોળી રમીએ, ઊડે રે ગુલાલ.
મન મૂકીને મીઠાઈ જમીએ ઊડે રે ગુલાલ, હોળીને...
રંગોત્સવની મજા માંડીએ ઊડે રે ગુલાલ
માનવ કેરા હૈયા નાચે ઊડે રે ગુલાલ, હોળી ને...



*સંસ્કારહીન સાક્ષરને રાક્ષસ બનતા વાર નહીં લાગે.*

લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન

## સપ્તાહ ગીત

મમ્મી મને રે, નિશાળે જાવા દે,
રોજ રોજ ભણવા નિશાળે જાવા દે,
સોમવાર આવ્યો, નવું દફતર લઈને નિશાળે જાવા દે.
મમ્મી મને રે, નિશાળે જાવા દે.
મંગળવાર આવ્યો, પાટી પેન લઈને નિશાળે જાવા દે
મમ્મી મને રે, નિશાળે જાવા દે.
બુધવાર આવ્યો, એકડો-બગડો લખવા નિશાળે જાવા દે.
ગુરુવાર આવ્યો, સુંદર ચિત્ર દોરવા નિશાળે જાવા દે.
મમ્મી મને રે, નિશાળે જાવા દે.
શુક્રવાર આવ્યો, યોગ કસરત કરવા નિશાળે જાવા દે.
શનિવાર આવ્યો, ગીત અભિનય કરવા નિશાળે જાવા દે.
મમ્મી મને રે, નિશાળે જાવા દે.
રવિવાર આવ્યો, હોમ-વર્ક કરવા મિત્રોને ઘેર જવા દે,
મમ્મી મને રે, નિશાળે જાવા દે.

## વૅકેશનગીત

આજે રજા, કાલે રજા આખું વૅકેશન છે રજા-મજા.
ટીવી સિરિયલ જોઈએ, આખો દિવસ રમીએ,
ક્રિકેટ રમીએ, કબડ્ડી રમીએ, રમીએ કૅરમ કૂકરી વૅકેશનમાં,
આજે રજા...
પૂરો સૂરજ ડૂબી જાય, આકાશમાં અંધારું થાય;
દડબડ દોડી ઘર જઈએ, મીઠાઈ મેવા જમીએ,
હરવાના ફરવાના મોજ-મસ્તી કરવાના વૅકેશનમાં,
આજે રજા...
કૉમ્પ્યૂટર ને મોબાઈલમાં નવા મિત્રો જોડવાના,
રૂબરૂ કોઈને મળે નય અરસ-પરસ બોલે નહિ,
તોય રજા વીતી જાય વૅકેશનમાં,
આજે રજા, કાલે રજા આખું વૅકેશન છે રજા મજા.



*પ્રાર્થના દિવસની ચાવી છે અને રાતનો આગળિયો છે.*

## દેશ ગૌરવ ગીત

ભારત દેશ અમારો મહાન
એને કરું શત શત પ્રણામ,
ખેતીપ્રધાન દેશ અમારો,
સમૃદ્ધિનો એ અખૂટ ખજાનો.
મેદાન, જંગલ, નદીઓ, પર્વતનો
ભારત દેશ અમારો...
તાજમહેલ ને કુતૂબમિનારો,
અજંતા, ઈલોરાની ગુફા નિહાળો,
વૈવિધ્ય પૂર્ણનો વારસો સોહામણો
ભારત દેશ અમારો...
વીર પુરુષ ને સંતોની ભૂમિ,
સર્વધર્મની સંસ્કૃતિ અહીં,
અમૂલ અજોડ એક કહાની,
ભારત દેશ અમારો...
જ્ઞાતિ જાતિના ભેદ ભૂલીને,
ઉત્સવ ઉજવીએ સંગે મળીને,
સંતાન છીએ મા ભોમના અમો સવ
એને કરું શત શત પ્રણામ...

## અગરિયા ગીત

દરિયા કાંઠે રેતીમાં રમતા, છીએ અમે અગરિયા...
ખારા જળનું મીઠું પકવતાં, પાળા બાંધી પાણી ભરતા
દરિયા કાંઠે...
સૂરજદાદા ખૂબ જ તપતા, પાણી ગરમ અતિ કરતાં,
દરિયા કાંઠે...
પાણીની બાષ્પ બની ઊડી જાતાં, મીઠાના ઢગલા રહેતા,
દરિયા કાંઠે...
નામ છે મીઠું, સ્વાદે ખારું, તોયે રસોઈમાં રાજા,
દરિયા કાંઠે...
નાના કાચા ઝૂંપડાં અમારા, સંતોષ સાથે વસતા,
દરિયા કાંઠે રેતીમાં રમતા, છીએ અમે અગરિયા.







## તરુગીત

તરુનો બહુ ઉપકાર, જગત પર તરુનો બહુ ઉપકાર,
વૃક્ષોની વાવણી, વર્ષાની લ્હાણી,
સજીવ સૃષ્ટિની, તરસ છિપાણી,
છલકાય નદી સરોવર, જગત પર તરુનો બહુ ઉપકાર.
તરુનો બહુ ઉપકાર...
બારે માસે, ડાળે ડાળે, મીઠા મધુરા ફળ બહુ પાકે,
ફૂલ ખિલ્યા છે અપાર, જગત પર તરુનો બહુ ઉપકાર.
તરુનો બહુ ઉપકાર...
ઝાડ જીવનની મોટી મૂડી, ઔષધિ આપી તૂરીકડૂચી,
સ્વસ્થ રહે પરિવાર, જગત પર તરુનો બહુ ઉપકાર.
તરુનો બહુ ઉપકાર...
ઘેઘૂર ઘટાનો, શીતળ છાયો,
માનવ, પશુ, પંખીનો વિસામો,
ગુણનો થાય ગુણાકાર, જગત પર તરુનો બહુ ઉપકાર.
તરુનો બહુ ઉપકાર, જગત પર તરુનો બહુ ઉપકાર.

## બેટી બચાવો ગીત

બેટી બચાવો, બેટી ભણાવો, સૂત્ર સરકારનું સાકાર કરો,
દીકરા-દીકરીનો ભેદ ભૂલીને (૨), દીકરીને કૂળનો દીપક ગણીએ,
બેટી બચાવો...
ભ્રૂણહત્યાના પાપમાં ન પડીએ, (૨)
જન્મ લક્ષ્મીનો વધાવી લઈએ.
બેટી બચાવો...
દીકરી ભણાવીએ, સમાજ દીપાવીએ (૨)
અક્ષરના અજવાળા પાથરીએ,
બેટી બચાવો...
માતાની મમતા ને પિતાના પ્રેમથી (૨)
દીકરીને આદર સન્માન આપીએ,
બેટી બચાવો, બેટી ભણાવો, સૂત્ર સરકારનું સાકાર કરો.

## યોગગીત

ચાલો, ચાલોને દોસ્ત ! સૌ યોગ કરીએ,
આસન, પ્રાણાયામ ને ધ્યાન ધરીએ,
ચાલો, ચાલોને...
સ્વસ્થ શરીરની સાચી સંજીવની,
યોગ, આરોગ્યની એક જ ચાવી,
નિત યોગાસનની ટેક લઈએ,
ચાલો, ચાલોને...
હવા ઉજાસમાં ને ખુલ્લા મેદાનમાં,
સૌના સંગાથમાં ને એકલા એકાંતમાં,
ઊંડા ઊંડા શુદ્ધ ખૂબ શ્વાસ ભરીએ,
ચાલો, ચાલોને...
પદ્માસનવાળી શાંત મુદ્રામાં બેસીએ,
શ્વાસ રોકી ઓમકાર ઉચ્ચારીએ,
ચિત્ત એકાગ્રથી ધ્યાન ધરીએ,
ચાલો, ચાલોને...
પ્રાચીનકાળથી, ઋષિમુનિની યોગની સાધના જીવનદાતા.
સર્વ રોગોની રહી જડી-બુટ્ટી
ચાલો, ચાલોને દોસ્ત ! સૌ યોગ કરીએ.

## વર્ષાગીત

આવ્યું ચોમાસું ભરપૂર, વરસી મેરાજાની મહેર,
આભે ઘનઘોર વાદળા, વીજળીના ચમકારા,
સૂણીએ મોરલાનો ટહુકાર, આવ્યું ચોમાસું ભરપૂર, આવ્યું...
ધરતી પર પાણી પોકાર, વર્ષા વરસે મુશળધાર,
ઊઠી ખુશીઓની લહેર, આવ્યું ચોમાસું ભરપૂર, આવ્યું...
નદી-નાળા ને સરોવર, છલકાયા પાણી ઉપર,
ખીલી વનરાઈ ચોમેર, આવ્યું ચોમાસુ ભરપૂર, આવ્યું...
બાગ-બગીચાને ખેતર મહેકે સુંદર મબલક મોલ
આ છે સોનેરી અવસર, આવ્યું ચોમાસુ ભરપૂર,
આવ્યું ચોમાસુ ભરપૂર...





## આ દીકરી કેવી લાગે છે !

તારીખઃ ૦૯-૧૧-૧૯૯૯ના રોજ મારો જન્મ થયો. એક અંધ માતા પોતાના બાળકને જોઈ નથી શકતી. મારી મમ્મી, મારા માસી અને મારા બા ને પૂછે છેઃ આ દીકરી કેવી લાગે છે ? પોતે અંધ હોવાના કારણે મને તો આંખની કોઈ ખામી નથી ને ! તે જાણવા પ્રશ્ન પૂછે છે.

એક અંધ માતા બીજાના વર્ણન પર પોતાની દીકરી કેવી લાગે છે તે સમજી જાય છે. કોઈપણ માતા પોતાના બાળકને નવ મહિના પેટમાં રાખે છે અને જન્મ આપે છે ત્યાં સુધી અસહ્ય પીડા સહન કરે છે, તેવી બધી જ પીડા મારી મમ્મીએ પણ સહન કરી છે. પરંતુ એક અંધ માતાના કારણે અનેક નાની-મોટી સમસ્યાઓ અનુભવવી પડે છે. તે ફક્ત અંધ માતા જ સમજી શકે છે. ૧૯૯૯ની સાલમાં મમ્મી કોળિયાક નોકરી કરતાં હતાં. તેમને અમારા ઘરથી લગભગ ૨૦ કિલોમીટર દૂર જવું પડતું હતું. તે સમયે વાહન વ્યવહારની કોઈ સુવિધા ન હોવાના કારણે ટૅમ્પામાં અવરજવર કરવી પડતી હતી. જ્યારે હું મારા માતાના પેટમાં હતી ત્યારે પણ તેઓ દરરોજનું ૨૦ કિલોમીટર અપડાઉન કરતાં હતાં. એક નૉર્મલ વ્યકિત માટે પણ પ્રેગ્નન્સી દરમિયાન ટ્રાવેલિંગ કરવું અઘરું હોય છે, ત્યારે આ અંધ માતા પોતાની ફરજ બજાવવા વહેલી સવારે સ્કૂલે જવા નીકળી જતાં. આ લખવા પાછળનું કારણ છે કે હું આ દુનિયાને જણાવવા માગું છું કે એક અંધ માતા શું શું કરી શકે છે? દરેક માતા પૂજનીય હોય છે, પણ એક એવો પ્રેમ છે જયાં નથી સ્વાર્થ કે લોભ, એ તો ફક્ત લાગણી છે. જે તમારા સુખે સુખી અને તમારા દુઃખે દુઃખી હોય છે. આપણે દરેકે એક માતા અને તેના નાના બાળકના સંવાદો સાંભળ્યા હશે, તેમને રમતા જોયા હશે, તે બાળક રડતું હોય તો માતા પાસે જ શાંત થાય છે. બાળકને વાગી જાય તો માતા ડૉક્ટર બની જાય છે, તેને

ભણાવવાના સમયે ટીચર બની જાય છે. હું મારી વાત કરું તો મારા ઘડતરમાં મારી માતાનો ફાળો બહુ મોટો છે. પોતે એક શિક્ષક હોવાથી તે સમજી શકતી હતી – એક નાના બાળકને કઈ રીતે ટ્રેઈન કરી શકાય ? દરરોજ રાત્રે સૂતી વખતે ઘડિયા બોલાવવા, સંગીત શીખવાડવું, કવીઝ જેવી રમતો રમવી, એક ટૉપિક આપી એના ઉપર મારા વિચારો જાણવા અને તેનું રેકૉર્ડિંગ કરવું. આ બધી જ બાબતો મને મારા વિચારો આજે ખુલ્લી રીતે રજૂ કરવામાં મદદરૂપ થાય છે.

– નિષ્ઠા સોનાણી

## અખૂટ શક્તિનો ભંડાર

મમ્મીની કાર્યકુશળતા વિશે મારે ઓળખ આપવી હોય તો શબ્દો શોધવા પડે તેમ છે. તેમની લાગણી વ્યક્ત કરવા મારી પાસે ભાષાજ્ઞાન નથી. હું તો મમ્મીને 'શક્તિનો અખૂટ ભંડાર' તરીકે ઓળખ આપવા માગું છું. 'ફ્લેવર ઑફ ગુજરાત' ટીવી શોમાં મમ્મીએ બે વાનગી બનાવી સૌ કોઈના દિલ જીતી લીધા હતા. બહેનો તો ઠીક છે, ભાઈઓ પણ તેની નોંધ લેતા હોય છે. મમ્મીનો રસોઈ શો અનેક લોકોએ પોતાના ટીવી સેટ પર સામૂહિક રીતે જોયો હતો. તે સમયે સંખ્યાબંધ લોકોના અભિનંદન આપતા સંદેશા અમોને મળ્યા હતા. મમ્મીએ રસોઈ શોમાં કેક અને અથાણું બનાવવાની બતાવેલી રીત આજે પણ બધા યાદ કરે છે.

ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં નોકરી :

તરસમિયાની સીમમાં, શહેરના અવિકસિત વિસ્તારમાં આવેલી શાળા જોઈ તમને નોકરી છોડી દેવાનું મન થઈ જાય. ચોમાસામાં શાળા ગંદકી અને કીચડનું નગર બની જાય છે. તેમ છતાં વર્ષો સુધી મમ્મીએ ફરજ બજાવી ખરા અર્થમાં બાળકેળવણીને ઉત્તેજણ આપ્યું છે.

– નિષ્ઠા સોનાણી





## ઍન્ડ્રોઇડ ફોન

વર્ષોથી મમ્મી સાદો ફોન વાપરતાં હતાં. તેમનો ફોન બગડી ગયો. તેને રિપેર કરવા અમે ઘણા સર્વિસ સેન્ટર અને દુકાનોમાં ફરી વળ્યા. મમ્મીનો સીપ ફોન કોઈ રિપેર કરી આપવા તૈયાર ન હતા. બધાનું કહેવું હતું : 'આ ફોન રિપેર થઈ શકશે નહિ.' થોડો સમય મમ્મીએ ફોન વગર ચલાવી લીધું. મેં નવો ફોન ખરીદ્યો એટલે તેમણે મારો ફોન વાપરવાનું શરૂ કરી દીધું. શરૂઆતમાં થોડી મુશ્કેલી પડતી હતી પણ ધીરે ધીરે તેનો હાથ બેસી ગયો. છેલ્લે તે હૉસ્પિટલમાં કોવિડથી બીમાર હતી. પથારીમાં બોટલ પણ ચડતી હતી, તેમ છતાં તેમણે મને ફોન લગાવ્યો હતો.

## હોમ મૅનેજમેન્ટ :

સામાન્ય ગૃહિણીની જેમ તે અમારી સંભાળ રાખતી હતી. બાળપણથી મમ્મી મને જોઈ શકતી નથી તેવો ક્યારેય અનુભવ થયો નથી. મારી બધી ઈચ્છાઓ તેમણે પૂરી કરી છે. મારી કારકિર્દીના ઘડતરમાં તેનો ઘણો મોટો ફાળો રહ્યો છે. ધોરણ – ૧૨ પછી વિદ્યાર્થીઓને યોગ્ય લાઈન પસંદ કરવામાં ઘણી મૂંઝવણ થતી હોય છે. મારી મમ્મીએ મને યોગ્ય સમયે માર્ગદર્શન પૂરું પાડી બી.બી.એ. અને એમ.બી.એ. જેવા મૅનેજમેન્ટનાં અભ્યાસક્રમમાં જોડી, મારી કારકિર્દી ઘડવામાં પોતાનું યોગદાન આપ્યું છે.

અંધ ઉદ્યોગ શાળાની પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને હોમ સાયન્સનું શિક્ષણ પૂરું પાડવા તેમણે તન, મન અને ધનથી સેવા આપી છે. નેત્રહીન ગૃહિણીઓના પ્રશ્નો જાણી, તેમને સહાયભૂત થવા સૌરાષ્ટ્ર સખી-મંડળની રચના કરીને નેત્રહીન બહેનનોને શક્તિમંચ પૂરું પાડયું છે.

મમ્મીની ઉદાત્ત ભાવનાને મારા અભિનંદન...

– નિષ્ઠા સોનાણી

## મારું બાળપણ

બાળકના ઉછેર દરમિયાન થતા શાળા શિક્ષણમાં તેની માતાનો ખૂબ મોટો ફાળો હોય છે.વળી, શાળા દ્વારા કરાવવામાં આવતી ઈતર પ્રવૃત્તિ બાળકના ઘડતરમાં બહુ ઉપયોગી નીવડે છે. મને બાળપણથી જ ભણવાની સાથેસાથે આ બધી પ્રવૃત્તિમાં ભાગ લેવાનું ખૂબ ગમતું હતું. બાલમંદિરથી લઈને ધોરણ ૮ સુધીનો અભ્યાસ મેં મારા ઘરની નજીકમાં આવેલી સેન્ટ મેરી સ્કૂલમાં કર્યો છે. મને એક પ્રસંગ અહીં ટાંકવાનું મન થાય છે : બાલમંદિરમાં મારે વેશભૂષામાં ભાગ લેવાનો હતો. શિક્ષિકાનો પરિધાન ધારણ કરી મારે અભિનય કરવાનો હતો. એ સમયે જેવી રીતે બધાના મમ્મી પોતાના બાળકને તૈયાર કરે છે, તેવી જ રીતે મને પણ મારી મમ્મીએ તૈયાર કરી હતી. મારી વેશભૂષામાં નાની સરખી પણ ખામી રહી જાય નહિ તેની કાળજી રાખી હતી. પોતે દષ્ટિહીન હોવા છતાં તેમની આગવી સૂજથી મારી વેશભૂષા અને શણગાર સુંદર લાગતા હતા. તેમની ચિવટ અને હિંમતના કારણે તે મને ખૂબ જ સરસ રીતે તૈયાર કરી શકતી હતી. મને મારી મમ્મીએ પોતે અંધ હોવા છતાંય કયારેય કોઈ ખોટ પડવા દીધી નથી. મને યાદ છે ત્યાં સુધી – હું સ્કૂલમાં દરેક ડાંસ પ્રોગામમાં ભાગ લેતી હતી, ત્યારે મમ્મી હંમેશાં મને પ્રોત્સાહન આપતાં. દરેક એન્યુઅલ-ડે ની ઉજવણીમાં હું ભાગ લેતી ત્યારે બધાના મમ્મી-પપ્પા ડાંસ જોવા આવ્યા હોય, તેવી જ રીતે દરેક પ્રોગ્રામમાં મારા મમ્મી મારી ખુશી માટે હાજર રહેતાં હતાં. મમ્મી તો આવતા જ સાથે મારા પપ્પાને પણ ખેંચી લાવતાં હતાં. મમ્મી પપ્પાને કહેતાં હતાં કે નિષ્ઠાની ખુશી માટે આપણે જવાનું જ છે. આજે મને કહેતા આનંદ થાય છે કે એક માતા સંપૂર્ણ અંધ હોવા છતાં પોતાની દીકરીના લાડ પૂરા કરી શકે છે, તેના આનંદ માટે મુશ્કેલીઓ સામે લડી શકે છે. તેમણે દરેક પડકારો સામે ઝઝૂમી મારી ઈચ્છાઓ પૂરી કરી છે.

એટલું જ નહિ મારા મમ્મી મને ગમતી ચીજ-વસ્તુઓ ઘડીના છઠ્ઠા ભાગમાં હાજર કરી આપતાં હતાં. એક અંધ વ્યકિતએ નોકરીની સાથેસાથે પોતાનું ઘર સંભાળવું, નાના બાળકને સાચવવું અને સમયસર નોકરીના સ્થળે પહોચવું સહેલું નથી. પણ મારી મમ્મીએ દરેક કાર્ય એક નોર્મલ વ્યકિતની જેમ કરી બતાવ્યું છે – તેનું મને ગૌરવ છે.

– નિષ્ઠા સોનાણી







## સુખી પરિવાર

અમારો નાનો પરંતુ સુખી પરિવાર શાંતિથી જીવતો હતો. મમ્મી ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકની ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં સંગીત શિક્ષિકા તરીકે નોકરી કરતાં હતાં. પપ્પા અંધ ઉદ્યોગ શાળામાં મુખ્ય સંચાલક તરીકે પોતાની જવાબદારી અદા કરતા હતા. વર્ષ ૨૦૧૩માં અમારા પરિવાર પર ચિંતાનું આભ તૂટી પડ્યું હતું. પપ્પાને બ્રેઈન ટ્યુમર નામનો રોગ લાગું પડયો. તેમણે યાદ શકિત ગુમાવી. એટલું જ નહિ શરીરનું બૅલેન્સ પણ ગુમાવ્યું. ત્યારબાદ પેરાલિસીસનો અટેક આવતા તેઓ સંપૂર્ણપણે પથારીવશ થઈ ગયા. તે સમયે હું નવમા ધોરણમાં ફાતિમા કોન્વેન્ટ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી હતી.

પપ્પાને બીમારીમાંથી બેઠા કરવા મમ્મીએ એક વીરાંગના બની હિંમત હાર્યા વગર ઘરની તમામ જવાબદારી સંભાળી લીધી. પપ્પાને બેઠા કરવા શહેરના મોટા ડૉકટરોને મળીને સારવાર માટેની ગોઠવણ કરી. દવાની આડઅસર થવાથી પપ્પાને એક પછી એક નવી બીમારી લાગું પડતી જતી હતી. કિડની, લિવર અને ફેફસાં બરોબર કામ કરતા ન હતા. ફેફસામાં કફ જમા થઈ જતાં પપ્પા મોટાભાગે બેભાન રહેતા હતા.

આવી કપરી પરિસ્થિતિમાં મમ્મીએ દવા ને દુઆ એમ બંને ચાલું રાખ્યા અને તેનું પરિણામ પણ મળ્યું. ભયાનક બીમારીમાં પટકાયેલા પપ્પાની હાલત જોઈ જયારે હું ઢીલી પડી જતી હતી, ત્યારે મને મમ્મી હંમેશા હિંમત આપતી હતી. ખરેખર ધન્ય છે મારી મમ્મીને! જેણે એકલા હાથે ડૂબતી નાવને સંભાળી અમારા પરિવારને ઉગારી લીધો.

આજે બહુ દુઃખ થાય છે કે અમે તેમને આવેલી કોવિડની બીમારીમાંથી બચાવી ન શકયા. મમ્મી સદેહે ભલે અમારી સાથે નથી, પરંતુ તેમણે શીખવેલા જીવનશિક્ષણના પાઠ આજે પણ-હૃદય કઠણ કરી-જીવન જીવવા માર્ગ બતાવે છે. મમ્મીનો જીવનસંદેશ અમને પ્રેરણા આપી રહ્યો છે.

– નિષ્ઠા સોનાણી

## તારો બધો સમાન લઈને આવજે

અમદાવાદમાં એમ.બી.એ. નો અભ્યાસ કરતી હોવાથી હું ત્યાં હતી. તે દરમ્યાન મમ્મીને ૮ એપ્રિલની રાત્રીના સમયે ખૂબ જ તાવ ચડયો. કોવિડની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ, પપ્પા ખૂબ ચિંતામાં પડી ગયા. હું દરરોજ સવારે જાગીને મમ્મીને કોલ કરતી હતી. તેથી તે દિવસે પણ કોલ કર્યો. ૩-૪ વાર આખી રિંગ પૂરી થઈ જવા છતાં મમ્મીએ મારો ફોન ઉપાડયો નહીં. ત્યારબાદ મેં પપ્પાને કોલ લગાવ્યો તો તેમનો ફોન પણ ઉપડયો નહીં, તેથી હું ખૂબ જ ચિંતામાં પડી ગઈ. થોડી વારમાં જ પપ્પાનો સામેથી મારા પર કોલ આવ્યો. પપ્પાએ કહ્યું, નિષ્ઠા મમ્મીને તાવ આવે છે. મેં કહ્યું, હું અત્યારે જ તન્નાની બસમાં બેસીને ભાવનગર આવું છું. પપ્પાએ કહ્યું : હા બેટા આવી જા, હા આવી જા -શબ્દ સાંભળતા જ મમ્મીએ પપ્પા પાસેથી ફોન લઈ લીધો. તેમણે મને કહ્યું: મારી તબિયત સારી જ છે. કોવિડના લીધે તારે બસમાં નીકળવાની ઉતાવળ કરવાની નથી. આવતીકાલે તને ભાવનગરથી ગાડી લેવા આવશે. તારે પી.જી.માંથી બધો સામાન લઈને આવવાનું છે. મેં પૂછયું કે મમ્મી ! મારે થોડા ટાઈમમાં અમદાવાદ પાછું જવાનું જ છે ને ! એટલે જોઈએ તેટલી વસ્તુ લઈને આજે જ નીકળી જાઉં છું. તેમણે મને કહ્યું, તારે હવે હમણાં પાછું જવાનું નહીં થાય, એટલે અડધો સામાન લઈને જ આવજે. આ વાત ત્યારે મને સમજાણી ન હતી, પણ મમ્મીના કહેવા મુજબ હું બધો સામાન લઈને બીજા દિવસે એટલે કે ૯ એપ્રિલે ભાવનગર આવી ગઈ. હું આવું તે પહેલા જ મમ્મીનો કોવિડ રિપોર્ટ પપ્પાએ કરાવી લીધો હતો. ૧૧ એપ્રિલે રિપોર્ટ પૉઝિટિવ આવતા ડૉકટરની સલાહ મુજબ મમ્મીને હૉસ્પિટલમાં દાખલ કરવાની હતી. રિપોર્ટ આવવાની થોડીવાર પહેલા જ મમ્મી મને કહેતા હતા કે નિષ્ઠા મને કોવિડ તો નહીં જ હોય. તમે બાપ-દીકરી ચિંતા નહિ કરતાં પણ રિપોર્ટ પૉઝિટિવ આવ્યો. ડૉકટરે હૉસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપી. હું અને પપ્પા બંને ચિંતા કરવાં લાગ્યાં. તે સમયે ભાવનગરમાં બધી જ હૉસ્પિટલમાં બેડ માટે તપાસ કરી પણ ત્યારે ભાવનગરમાં કોવિડ મોટા પ્રમાણમાં ફેલાયો હતો તો કયાંય બેડ ખાલી ન હતા. તેમ છતાં મહામેહનતે શ્રી બજરંગદાસ બાપા હૉસ્પિટલમાં જગ્યા મળી ગઈ. એચ.આર.સી.ટી.







રિપોર્ટ કરાવ્યા બાદ અમે તરત જ હૉસ્પિટલ પહોંચી ગયાં.

એચ.આર.સી.ટી. રિપોર્ટ મુજબ લંગ્સમાં ૫ થી ૧૦ ટકા ઈન્ફેકશન હતું. ઑકિસજન લેવલ પણ ૯૫ જેવું રહેતું હતું. પણ વોમિટિંગ અને તાવ ખૂબ જ રહેતો હતો. પહેલા ચાર દિવસ બાદ તબિયત સુધારા ઉપર હતી. ડૉકટર રજા આપવાનું પણ કહેતા હતા. પણ ૧૪ એપ્રિલની રાત્રીએ અચાનક ઑકિસજન લેવલ ઘટી ગયું. ૩ લિટર ઑકિસજન આપવાનું શરૂ કર્યું. થોડી ચિંતા વધી ગઈ. બીજા દિવસે ડૉકટરની પૂર્વ મંજૂરી લઈ પૂરી સેફટી સાથે મમ્મીને અંદર મળવા ગઈ. ત્યારે તબિયત એટલી બધી ખરાબ ન હતી. પરંતુ તે જ દિવસે રાત્રીના ફરીથી ઑકિસજન ઘટી ગયો. મમ્મીને ઑકિસજન તાબડતોબ ૧૫ લિટર આપવો પડયો. હું અને પપ્પા ખૂબ જ ચિંતામાં ઘેરાઈ ગયાં. ડૉકટરો એમની રીતે પૂરતી સારવાર કરી રહ્યા હતા. હું અને પપ્પા ડૉકટરને મળ્યાં. ત્યારબાદ ફરી વખત મમ્મીનો એચ.આર.સી.ટી. રિપોર્ટ કરવાનું નકકી થયું. ડૉકટર સાથે વાત થયા મુજબ ૧૬ એપ્રિલના રોજ સવારે તેમને રિપોર્ટ કરવા લઈ જતા હતા. ૭:૫૯ મિનિટે મમ્મીનો મારા પર કોલ આવે છે, મોઢા પર ઑકિસજનનું માસ્ક, હાથ ઉપર બોટલ પણ શરૂ હતી. તેમ છતાં એક અંધ માતા તેની દીકરી ને સ્પર્શનો ઉપયોગ કરી મને ઍન્ડ્રોઈડ ફોન જોડે છે. મમ્મીએ કહ્યું, દવાખાનામાંથી મને રિપોર્ટ કરવા લઈ જાય છે. નિષ્ઠા, તમને ખબર તો છે ને ! મેં કહ્યું, હા મમ્મી ડૉકટર સાથે વાત થઈ ગઈ છે. ચિંતા ના કરશો. તેમણે કહ્યું , નિષ્ઠા મારું ઑકિસજન લેવલ ઘટતું જાય છે. આ શબ્દ સાંભળી મારા પગ નીચેથી જમીન ખસી ગઈ હોય એવી અનુભૂતિ થઈ. મેં તાબડતોબ હૉસ્પિટલના નંબર પર કોન્ટેકટ કર્યો. એચ.આર.સી.ટી. રિપોર્ટ માટે સર ટી. હૉસ્પિટલના કૅમ્પસમાં મમ્મીની ઍમ્બ્યુલન્સની સાથે જ હું પહોંચી ગઈ. મમ્મીની પીડા હું જોઈ શકતી ન હતી. બધી જ પ્રોસેસ પૂરી થતાં અમે પુનઃ શ્રી બજરંગદાસબાપા હૉસ્પિટલમાં પહોંચી ગયાં. મમ્મીની સારવાર અંગે ચર્ચા કરવા અમે સવારના ૧૧ કલાકે ડૉકટરને મળ્યા. ડૉકટર સાથે અમારી વાત ચાલતી હતી. એટલામાં એક નર્સબેન દોડતાં-દોડતાં આવી પહોંચે છેઃ નીલાબેનની તબિયત બગડી છે, ઈમરજન્સી છે, જલદી આવો ને સાહેબ, નર્સના શબ્દો સાંભળી મારી આંખમાંથી આંસુ પડવા લાગે છે.

તરત જ ડૉક્ટર આઈ.સી.યુ. માંથી બાઈટિક મશીન લઈ આવવા કહે છે. ત્યારબાદ મમ્મીને આઈ.સી.યુ. માં શિફ્ટ કરવામાં આવી હતી. ત્યાર પછીના દિવસો ખૂબ જ ક્રિટિકલ હતા. મમ્મીની પીડા હું જોઈ શકતી ન હતી. મને અને પપ્પાને તેની ખૂબ જ ચિંતા રહેતી હતી. હું થોડી થોડીવારે મમ્મીને જોવા માટે જતી રહેતી હતી. હૉસ્પિટલના દાદરા ચડતા પગ ધ્રૂજતા હતા; પણ સંજોગો સામે મારે જ લડવાનું હતું તેથી હિંમત રાખી પરિસ્થિતિનો સામનો કરતી હતી.

- નિષ્ઠા સોનાણી

## શ્રદ્ધાંજલી

નીલાબેનની ખોટ આપણી સંસ્થા અને તેમના કુટુંબ માટે કોઈ રીતે પૂરી ન શકાય તેવી રહી છે.

માનવસેવા ઉત્તમ ધર્મ છે અને નેત્રહીન બાળકો અને બહેનોના કલ્યાણ માટે અદ્દ્ભુત કાર્ય કર્યું. સ્વ.નીલાબેનનું દરેક કાર્ય નેત્રહીન બાળકો અને બહેનોના માટે એક થિસીસ બની ગયું જેની ઉપર ડોકટરેટ એમને આપી શકાય! કાર્ય પ્રત્યેની આટલી વફાદારી, કાળજી, ધગશ, પ્રતિજ્ઞાપૂર્વક અને પ્રામાણિકતા સાથે આગળ વધવાનો સ્વ. નીલાબેન બેનમૂન દાખલો છે. હવે આપણે સૌએ શ્રી લાભુભાઈની આગેવાનીમાં સ્વ.નીલાબેને ચીંધેલા રસ્તા ઉપર આગળ વધવાનું છે એ જ સ્વ. નીલાબેનને સાચી શ્રદ્ધાંજલિ રહેશે.

તા. ૨૧/૦૮/૨૦૨૧

મૂકેશ ઓઝા<br>
સમસારા શિપિંગ પ્રા. લિ.,<br>
મુંબઈ





## ભાવભર્યાં શ્રદ્ધાસુમન

૨૦ એપ્રિલ ૨૦૨૧ના વહેલી સવારે ૫:૦૦ વાગે શ્રી લાભુભાઈ સોનાણીનો ફોન આવ્યો અને હૃદય એક ધબકારો ચૂકી ગયું. કારણ કે સ્વપ્ને પણ નહોતું વિચાર્યું તેવા સમાચાર સાંભળવા મળ્યા... કે શ્રી નીલાબેન સોનાણીએ આ જગતમાંથી વિદાય લીધી છે... આ સમાચાર સાંભળી ખૂબ જ ઊંડા આઘાતની લાગણી અનુભવી...

નીલાબેન સાથે સમયની દૃષ્ટિથી આ મારો પરિચય ખાસ જૂનો ના હતો પણ કંઈક ઋણાનુબંધ હશે કે ખૂબ ઓછા સમયમાં તેઓ અમારા પરિવારના સભ્ય હોય તેવી અનુભૂતિ થતી. અવારનવાર રૂબરૂ, ફોન દ્વારા કે વ્હૉટ્સએપ દ્વારા તેઓ સતત અમારા પરિવાર સાથે જોડાયેલા રહેતા. તેમના જવાથી તેમના પરિવાર, સગા, સ્નેહીમિત્રો દરેકને તો ખોટ પડી જ છે, પણ અમારી સંસ્થા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાને ના પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમની દૂરદૃષ્ટિથી તેમણે ડોનેશન આપીને આ સંસ્થામાં 'નિષ્ઠા હોમ સાયન્સ સેન્ટર' શરૂ કરેલું અને દર શનિ - રવિ તેઓ પોતે આવી અને પ્રજ્ઞાચક્ષુ બહેનોને સંપૂર્ણ રસોઈ અને ઘરકામ કેવી રીતે કરવું તે શીખવાડતાં. જેથી ભવિષ્યમાં આ બહેનો આપણા જેવી જ નોર્મલ લાઈફ જીવી શકે... હવે આ કાર્યમાં જરૂર તેની કમી દેખાશે...

ખેર... ભગવાનને ગમ્યું તે ખરું... પૂજ્ય નીલાબેનનો આત્મા જ્યાં પણ હોય, જેમ બને તેમ મોક્ષગતિને પામે તેવી પરમાત્માને હૃદયપૂર્વક પ્રાર્થના...

- કીર્તિ શાહના જય જિનેન્દ્ર

## વિરલ વ્યક્તિત્વની ભીતર હંમેશ માટે જીવતું સમાજ સારુ ખુદનું સમર્પણ

"જિંદગીની ગણના તો આમ ચાહો તો આંગળીના બે વેઢા ગણી થઈ શકે,
માનવીના સત કર્મોને કોઈ કદી થોડા કયાંય તોલી શકે !
જન્મ ને મૃત્યુથી તો સદા કાળ બંધાયેલા છે હર જીવો,
એ બેઉની મધ્યે જીવાતી ખુશ ક્ષણોને કદાપિ કોઈ વિસરી ન શકે."

પ્રજ્ઞાચક્ષુ સમાજ માટે જેમણે પોતાનું સર્વસ્વ જીવન સમર્પિત કરી દીધું, એવા આદરણીય શ્રી નીલાબહેનના અવસાનને યાદ કરતાં હૃદય સાથે નયન પણ ચોધાર આંસુડે વરસી પડે છે. જેણે કેવળ પોતાના પરિવારને જ પોતાના હૃદયની કરીબે નહોતો રાખ્યો. પરંતુ સમગ્ર શાળાનાં વિદ્યાર્થીઓ અને અન્ય એવા નાના-મોટા હર કોઈને પોતાના પરિવાર જેમ જ વિશેષ સંભાળતાં. તેઓ ખુદ કરતા સૌ માટે વધુ ચિંતિત રહેતા.

આદરણીય નીલાબહેન એક સામાન્ય શાળામાં સંગીત શિક્ષક હતાં. તેની સાથે તેઓ સંપૂર્ણ અંધ હોવા છતાંય એક શ્રેષ્ઠ ગૃહિણી હતાં. પોતાની દીકરીના ઉછેરની સાથે તેમણે કેટલીય પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને પોતાના માતૃત્વ હૃદયની નજીક રાખીને ઉછેરી છે.

દૃષ્ટિહીન સ્ત્રીઓના વિકાસ અને ઉન્નતિ માટે એમણે જી જાનથી સખી મંડળની સ્થાપના કરીને ખૂબ વિચાર વિમર્શ અને ગહેરુ મનોમંથન કરતા આધુનિકતાની સાથે સામાન્ય સ્ત્રીઓની જેમ અંધ સ્ત્રીઓમાં પણ સ્ત્રીની અપાર સામાર્થ્યનો બહોળો સંચાર કર્યો છે.

હું જયારે સંસ્થામાં વિદ્યાર્થી હતો, તે વખતના એવા કેટલાય પ્રસંગો અત્યારે મારી ભીતર સતત નાટકના દ્રશ્ય પેઠે ચાલી રહ્યા છે કે જેની એક એક નોંધ લખતા પાનાના પાના ભરાય.

કારણ કે બહેનનું વ્યક્તિત્વ જ એટલું વિરલ હતું કે જેઓ પૂજનીય સોનાણીસાહેબના એક સાચા સુવરણથીય અધિક ધર્મપત્ની થઈ ગયા. નિષ્ઠા બહેનના ખરા માતા બની રહ્યા અને અન્ય પણ એવી કેટલીય અંધ દીકરીઓને મમતા ભરપૂર અર્પીને સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. જયારે સોનાણીસાહેબ ખૂબ અસહ્ય માંદગીમાંથી પસાર થયા હતા, એ સમય મને આજ પણ એટલો યાદ છે કે બહેને એક ધર્મપત્ની તરીકેનો ધર્મ ખૂબ નિષ્ઠાપૂર્વક







નિભાવ્યો હતો. કારણ કે સાહેબની એ સ્થિતિમાં પણ એમણે જે સેવા કરી હતી, તે મારી દ્રષ્ટિએ સાવિત્રી કરતા તસુભાર પણ ઓછી નહોતી. કેમ કે સાહેબ પર અચાનક આવી પડેલી એ અસહ્ય બીમારી સામે તેઓ ઢાલ થઈને ખડા થઈ ગયાં હતાં અને એ જિંદગીના વિપરિત સમયને હસતા સામનો કરી ધીમે ધીમે તેઓને સામાન્ય થયેલા મેં જોયા છે.

એક માનવોત્તમ સિતારા તરીકે આદરણીય નીલાબહેન પ્રજ્ઞાચક્ષુ સ્ત્રીઓના ખરા મસીહા હતા અને પૂજયનીય સોનાણીસાહેબના અર્ધાંગિની સાથે શ્રેષ્ઠ સહકર્મી હતાં. તેમના પર આટલી બધી જવાબદારીઓ હોવા છતાંય પ્રજ્ઞાચક્ષુઓના વિકાસ, અને પુનરુત્થાન માટે તેઓ ખૂબ સક્રિય રહ્યાં છે. આજે તેઓ સદેહે આપણી સાથે નથી, પણ અલૌકિક તત્ત્વ સ્વરૂપે આપણા સૌના હૃદયમાં જ છે.

બસ, ઈશ્વર આ વિરલ આત્માને પરમ શાંતિ અર્પી પૂજનીય સોનાણીસાહેબ અને તેમના સમગ્ર પરિજનોને ઈશ્વર આ અચાનક આવી પડેલા દુઃખને સહન કરવાની શકિત પ્રદાન કરે તેવી પ્રાર્થના...

ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ભાવેશ બાંભણિયા - ઉના

---

પરમ આદરણીય લાભુભાઈ સોનાણીસાહેબ આપના સહધર્મ અને સહ કર્મચારિણી તેમજ મારા ગુરુમાતા શ્રીમતી નીલાબેન સોનાણીની ચિર વિદાય આપણી વચ્ચેથી સ્નેહની સરવાણી અને મમતાનું ઝરણું સુકાય ગયું. મારી દીકરી શ્રુતિ અને તેના જેવી અનેક પ્રજ્ઞાચક્ષુ બાળાઓમાં અન્નપૂર્ણાનાં સંસ્કારોનું સિંચન કરનાર સાક્ષાત્ અન્નપૂર્ણા માતા જેવી રીતે આકાશમાંથી વાદળી મેહ વરસાવીને ચાલી જાય તે રીતે નીલાબેન આપણા પર વાત્સલ્યની વર્ષા કરી પ્રભુને શરણ થયા. તેમની ખોટ તો આપણા સહુ માટે કાયમ રહેશે પરંતુ તેમના સ્વર્ગવાસથી બહેન નિષ્ઠા અને તમારા પર આવેલ સંકટ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે તે જ પ્રભુને પ્રાર્થના...

ગોહિલ બાબુભાઈ
મદદનીશ શિક્ષક
શ્રી દેગવડા પ્રાથમિક શાળા

પરમ વંદનીય નીલાભાભીની ચેતનાને વંદન...

તમારું જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા અને તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો દયાળુ સ્વાભાવને અમે કયારેય ભુલીશું નહિ. કોઈપણ સૂચના વિના તમે અમને છોડી ગયા છો. તમારી યાદો અમારી સાથે કાયમ માટે રહેશે.

''ઉડાન ચાહી હતી જેણે સ્વપ્નોના આભે, અનાયાસે ઉડાન આ કેવી ભરી ચૂકયા ! હરણફાળ આ કારકિર્દીની એવી રહી સ્વપ્નો દીઠા પહેલા ચિર નિદ્રામાં પોઢયા.''

આ જગત પ્રકૃતિના નિયમોને આધીન છે અને પરિવર્તન એ નિયમ છે. શરીર ફકત એક સાધન છે... આ દુઃખની ઘડીમાં અમે બધા તમારી સાથે છીએ.

દીકરી નિષ્ઠા તથા લાભુભાઈ સોનાણીને આ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે અને સ્વ. શ્રી નીલાભાભીના દિવ્ય આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તે જ પ્રાર્થના સહ...

ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

કીર્તિદાબેન હસમુખભાઈ ધોરડા
તથા સમગ્ર પરિવાર









## :: શ્રદ્ધાંજલિ ::

શ્રી લાભુભાઈ તથા બેન નિષ્ઠા

નીલાબેનના અવસાનના દુઃખદ સમાચાર જાણીને મન ખૂબ જ વિચલિત થઈ ગયું. મને હર હંમેશ તેમનો સદાય હસતો ચહેરો ખૂબ જ લાગણીશીલ તથા આનંદી સ્વભાવ જયારે મળે ત્યારે જયશ્રી કૃષ્ણ કહેવાનું. મને તો એમની ખોટ એટલા માટે રહેશે કે મારા પત્નીના અવસાન પછી દરેક કાર્યક્રમ કે પ્રસંગમાં મારું ખૂબ જ ધ્યાન રાખતા. તેમના જવાથી આપને અને પરિવારને તેમજ સંસ્થાને ખૂબ જ મોટી ન પુરાય તેવી ખોટ પડી છે. તેઓ હંમેશા અમને યાદ આવશે.

શ્રીમદ ભાગવત ગીતાનાં સાર મુજબ...

આત્મા કોઈપણ કાળમાં જન્મ લેતો નથી કે મરણ પામતો નથી તે અજર-અમર છે. જે માણસ જૂનાં વસ્ત્રો ત્યજીને બીજા નવા વસ્ત્રો ગ્રહણ કરે છે તેમ જીવાત્મા જૂનું શરીર ત્યજીને બીજું નવું શરીર ધારણ કરે છે. જન્મની સાથે મૃત્યુ નિશ્ચિત છે. માણસ અંતકાળે જે પણ ભાવને સ્મરણ કરતો શરીર છોડે છે તેને જ પામે છે.

જિંદગી હતી ટૂંકી, છતાં મમતા ઘણી મૂકી ગયા;
એકલે ખૂણે રડી લઈશું, જયારે આવશે તમારી યાદ.
કયારેય કલ્પી ન શકાય તેવી તમારી વિદાય અમારું કાળજુ કંપાવી ગઈ.

યહ સંસાર પ્રકૃતિ કે નિયમો કે આધીન હૈ, ઔર પરિવર્તન એક નિયમ હૈ,
શરીર તો માત્ર એક સાધન હૈ, ઈસ દુઃખ કી ઘડી મેં હમ આપકે સાથ હૈ.
હમ આપકે ઔર આપકે પરિવાર કે લિયે પ્રાર્થના કરેંગે.

નીતિ કે આગે કિસીકી નહીં ચલી હૈ, ઈસ બાર ઉસને એક દિવ્ય આત્મા કો અપને ચરણ મેં શરણ દી હૈ, ઉસ દિવંગત આત્મા કો મોક્ષ પ્રાપ્ત હો. પરમાત્મા આપકો ઔર આપકે પરિવાર કો યે દુઃખ સહન કરને કી શકિત પ્રદાન કરે...

ૐ શાંતિ...

મહેશભાઈ પાઠક
માનદમંત્રી
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ભાવનગર

સ્નેહીશ્રી, લાભુભાઈ તથા નિષ્ઠા

જાતસ્ય હિ ધ્રવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।
તસ્માદ્‌પરિહાર્યેડર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥

જે જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે, જેનું મૃત્યુ તેનો જન્મ નિશ્ચિત છે. પ્રકૃતિનો એક અપરિવર્તનીય નિયમ જન્મ એટલે ઉત્પતિ. મૃત્યુ એટલે વિનાશ. જન્મ અને મૃત્યુ પરિવર્તનના બે પડખા છે. જન્મતાની સાથે જ મૃત્યુ પણ ભેગું જ પાંગરવા લાગે છે. ઊગતાની સાથે જ સૂર્ય આથમણી દિશાએ ડગ દેવા માંડે છે. ફૂલ ખીલે છે પણ ખરવાની નિશ્ચિતતા સાથે, કપડાં કે અલંકારો તૈયાર થાય છે. પણ જીર્ણતાની તૈયારી સાથે સંસારમાં એવી કોઈ વસ્તુ હજી જન્મી નથી કે જેને પરિવર્તનની ચક્કીમાં પીસાવું ન પડતું હોય. તેથી નિવારી ન શકાય એવી બાબતોમાં શોક કરવો યોગ્ય નથી.

મૃત્યુની આટલી લાંબી વ્યાખ્યા અને સમજણ આપવા પાછળ ફક્ત એક જ કારણ છે કે બહેનશ્રી નીલાબેનની મૃત્યુની ક્ષણ કયારેય વિસરાશે નહિ. નીલાબેનનું જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો, અમારા માર્ગદર્શન હતા. અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને કયારેય નહિ ભૂલીએ. ભગવાન તેમના શુદ્ધ આત્માને શાંતિ આપે તેમજ તમારા પરિવાર પ્રત્યે શ્રી કરશનદાસ લુહારની કાવ્ય પંકિત વડે સહાનુભૂતિ વ્યકત કરું છું.

સ્વત્વને હરપળ હણાતું જોઉં છું, શ્વાસનું ખેતર લણાતું જોઉં છું.
જન્મનું ઝબલું હજુ પહેર્યું નથી, ને કફન મારું વણાતું જોઉં છું.
ઘર તણો પાયો જયહીં ખોદ્યો હતો, ત્યાં કબર જેવું ચણાતું જોઉં છું.
ઝંખનાની આ નદીના પૂરમાં, લાશ જેવું શું તણાતું જોઉં છું ?
સાવ બ્હેરી ઓડ થઈ ગઈ છે ત્વચા, સ્પર્શવું તવ હણહણાતું જોઉં છું !

પંકજભાઈ એન. ત્રિવેદી
ટ્રેઝરર
શ્રી અંધ ઉદ્યોગ શાળા તેમજ
રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર







તુમ્હારી યાદ કે ફૂલો કો મુરઝાને નહીં દેંગે હમ,
હમને અપની આંખે રખી હૈં ઉસે પાની દેને કે લિયે !

એને જેટલી નિષ્ઠા હોમ સાયન્સની રસોઈ ભાવતી હતી એટલી જ મારી કવિતાઓ ફાવતી હતી. ગર્લ્સ હૉસ્ટેલના કમ્પાઉન્ડમાં ઘણી વખત છોકરાઓ સાથે નીલાબહેન બેસતાં. દસમા ધોરણ સુધી હું પણ આ મેળાવડામાં હાજર રહેતો. નીલાબહેન મારો અવાજ સાંભળી જાય એટલે એકાદ કવિતા તો બોલાવે જ. બોલાવે એટલું જ નહીં પણ, પછી એમ બોલે પણ ખરા કે, ''તારી કવિતાઓ તો પુસ્તકમાં છપાવાય એવી છે.'' આ સમયે મને અને મારા જ વર્ગમાં અભ્યાસ કરતી મારી ફ્રેન્ડને અલગ અલગ વિષય પર નિબંધ લખવા આપ્યા હતા. આ બધા નિબંધમાં નોટબંધી વિશેનો મારો નિબંધ સોનાણીસાહેબને પણ એટલો બધો ગમ્યો હતો કે, પ્રયોશા પાર્ટી પ્લોટમાં યોજાયેલ ભાગવત પારાયણમાં યોજાયેલ એક ફંકશનમાં લગભગ સાતસોથી એક હજાર વ્યકિતની ઉપસ્થિતિમાં મને નોટબંધી વિશે બોલવાનો મોકો મળ્યો હતો. શાળા દ્વારા યોજાતા પ્રદર્શનમાં પણ, દર વર્ષે રસોઈ ઝોનની બાજુમાં જ મારો ઝૉન આવતો. ઘણી વખત અમે સ્પીકર પર ગીત વગાડતા અને બહેન કોઈકને ધીમો અવાજ કરવાનું કહેવા મોકલતા. આ વખતે જો એમ થાય કે બહેનને ખુદને એકવખત અહીં બોલાવવા છે તો સ્પીકરનો અવાજ હોય એના કારતા પણ વધારી દેતા. મને હજી યાદ છે કે, હું, ગૌતમ અગિયારમા ધોરણમાં હતા અને દિવેશ બારમા ધોરણમાં. ટેકનોલૉજી અને રમતગમત ઝોન બાજુમાં જ હતા. વાતાવરણમાં ફેરફારના કારણે સંપૂર્ણ વાતાવરણ વરસાદી બની ગયું હતું. ટૅકનૉલૉજી ઝોન એટલે સ્પીકર તો હોય જ, અમે તો ગીત શરૂ કર્યું :

''બરસાદ કે દિન આયે,
મુલાકાત કે દિન આયે !''

નીલાબહેને એક છોકરીને રસોઈ ઝોનમાંથી અમને ગીત બંધ કરવાનો આદેશ આપવા મોકલી હતી. અમને એમ કે, આ છોકરી નીલાબહેનનું નામ આપીને આપણને બીવડાવે છે. આથી એ છોકરીને અમે કહેલું, ''બહેનને કયો તમારા રસોઈ ઝોનની સુગંધ અહીં આવતી બંધ કરાવે, પછી અમારો અવાજ બંધ થશે.'' સાલી કઠણાઈ એ થઈ કે, અમારા બોલેલા શબ્દો જો નીલાબહેન

પાસે ગયા હોત તો કંઈ વાંધો નહોતો પણ, એ છોકરીએ નીલાબહેનને એટલું જ કહ્યું કે,

"બહેન એ લોકો બંધ કરવાવની ના પડે છે." આવી જ એક મુશ્કેલી નવરાત્રીમાં ઊભી થઈ હતી. છોકરા-છોકરીઓને ભેગા નહિ રમવાનું એવું કમિટીનું કહેવું હતું. આ વખતે મેં કહેલું એ મારાથી ન થાય કમિટીમાં ત્રેવડ હોય તો જાતે જે કરવું હોય એ કરે, આ વખતે પણ નીલાબહેન પાસે એવી વાત ગઈ હતી કે :

"નીલાબહેનમાં ત્રેવડ હોય તો એ છોકરા છોકરીઓને ભેગા રમવાની ના પાડે."

આમ, વાતો ઘણી વખત રજમાંથી ગજ થઈ હતી પણ, તોફાન શમ્યા પછી મેં નીલાબહેન સાથે સાચી વાત કરેલી અને એ સમજેલા. જોકે મને એ થોડા તીખા મગજના લાગતા એટલે સાહેબ કરતા વધારે એની બીક લાગતી. બીજા કોઈને ખીજાયા હોય કે નહીં પણ, મને તો મારી એક ભૂલ વખતે તારીખ ૨૪-૦૪-૨૦૧૭ ના રોજ સારી પેઠે લીધો હતો. આમ તો હું દલીલ મૂકી મારો પક્ષ મૂકતો પણ, આ વખતે મારી ભૂલ જ એવી હતી કે એમાં દલીલને કોઈ અવકાશ જ નહોતો. જોકે, આખરે એવું કહીને એમણે વાતને હળવી બનાવેલી કે : "ભલા માણસ તારામાં ભણવાની શક્તિ છે તો ભણે ને! તું નોકરી મેળવે એટલે છોકરી હું શોધી આપીશ. અત્યારથી શું એની ચિંતા કરવાની વળી ?" આવી અઢળક યાદો છોડીને ગયેલા નીલાબહેન શારીરિક રીતે ગયા છે નહીં કે, એનું અસ્તિત્વ મટી ગયું છે. હા સાથે રહેતો મોબાઈલ, હાથ રૂમાલ કે જૂનું પાકીટ ખોવાય જાય તો પણ, આપણને ખૂબ દુઃખ થાય છે. રોજે હાથ પર રહેતી ઘડિયાળ બગડી જાય અને બીજું ઘડિયાળ એના કરતાં પણ સારું મળે તોય જૂનું નથી એનો વસવસો થાય છે. ગમતી પેન ખોવાય જાય તો બે દિવસ જમવાનું નથી ભાવતું, યાર આ તો આપણું જીવતું જાગતું સ્વજન ગુમાવવાની વાત છે. હૃદય રોવે જ ને ? હા કેમ નહિ ? પણ ? કુદરત સામે તો આપણે સાવ વામણા જ ને ? આપણે તો એના હાથની કતપૂઠળી જ છીએ ને ? વજન હોય તો હમણાં લઈ લેવાય, આ તો કુદરતનો ન્યાય. એને કોણ બદલી શક્યું છે કે આપણે બદલવાના ? જિજીવિષા અને મુમુક્ષા વચ્ચે જીવતા આપણે બધાએ એ યાદ રાખવાનું છે કે, એ આજે ગયા





છે. કાલે આપણી ટિકિટ બુક જ છે. બસ ભગવાનને એ જ પ્રાર્થના કે, લાભુભાઈ અને બહેન નિષ્ઠાને બહેનની અણધારી વિદાયનું દુઃખ સહન કરવાની શક્તિ આપે.

નીલાબહેનને એક ગીત ખૂબ ગમતું,

"મુક્તિ મળે કે ના મળે, મારે ભક્તિ તમારી કરવી છે."

આ વાતને વળગી પોતાના જીવનની મહેક પ્રસરાવી ગયેલા નીલાબહેનના આત્માને શાંતિ મળે એ જ અભ્યર્થના.

મનહર વાળા, "રસનિધિ"

## સ્વ.નીલાબેન એલ. સોનાણીને પુષ્પાંજલિ

ગુજરાતનાં પ્રજ્ઞાચક્ષુ લોકોના મસીહા અને શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીનાં ધર્મપત્ની નીલાબેન સોનાણીનું તાજેતરમાં કોવીડ-૧૯ કોરોના મહામારી દરમ્યાન થયેલ દુઃખદ અવસાનના સમાચાર સાંભળી ખૂબ જ આઘાત લાગ્યો છે.

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં પ્રજ્ઞાચક્ષુ લોકો માટે અભ્યાસ તથા રોજગારલક્ષી પ્રવૃત્તિઓ તેમજ અણઉકેલ પ્રશ્નો માટે સરકારશ્રીમાં અસરકારક રજૂઆત કરવા જેવી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા શ્રી લાભુભાઈએ સંસ્થાને પ્રજ્ઞાચક્ષુ લોકો માટેનું ગુજરાતનું હબ બનાવી દીધેલ છે. આ સમગ્ર કામગીરીમાં શ્રી લાભુભાઈ સાથે નીલાબેન ખભેખભા મિલાવી એક ઉત્તમ કામગીરી બજાવી છે. સૌરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ સખી મંડળના પ્રમુખ તરીકે પણ તેમની સેવા પ્રશંસનીય રહી છે.

નીલાબેનનાં અચાનક અવસાનથી રાજ્યના પ્રજ્ઞાચક્ષુ પરિવાર તથા શ્રી લાભુભાઈ સોનાણી પરિવારને ન પુરાય તેવી ખોટ પડી છે. પ્રભુ સ્વર્ગસ્થનાં આત્માને શાંતિ આપે તેમજ તેમના કુટુંબીજનોને તેમના અધૂરા કાર્યો આગળ ધપાવવાની શક્તિ આપે તેવી પ્રાર્થના...

નટુભાઈ એન. ત્રિવેદી
પીઢ પત્રકાર
પૂર્વ પ્રમુખ, ભાવનગર પ્રેસ કલબ

ભાઈશ્રી, લાભુભાઈ, નિષ્ઠા અને
સર્વ પરિવારજનો.

## :: શ્રદ્ધા સુમન ::

ધીરે ધીરે એવું કંઈક સમજાય છે,
કાળ ગુપચુપ ઘણું લૂંટતો જાય છે.

કહીએ દિલની વાતો, એવા માણસો,
સમાજમાંથી ગુમ થતા જાય છે.

શ્વાસથીયે નિકટ હતા, જે અબઘડી,
આંખથી સાવ ઓઝલ થતા જાય છે.

ડગ સ્વયંભૂ વળી ને જતા જે તરફ,
એ ઘરો હવે ખાલી થતા જાય છે.

કોણ જાણે કયો શાપ લાગી ગયો,
લીલાછમ માણસો દૂર થતા જાય છે.

આખા સમાજને અજવાળે તેવા,
નીલાબેન જેવા દીપક બુઝાતા જાય છે.

આપના ધર્મપત્ની શ્રી નીલાબેન સોનાણીના દુઃખદ અવસાનના સમાચાર જાણી અમારો પરિવાર ખૂબ જ ઘેરા દુઃખની લાગણી અનુભવે છે અને દિલસોજી વ્યકત કરે છે.

ખરેખર સમાજે સમાજનું એક મૂલ્યવાન રત્ન ગુમાવ્યું છે. સામાજિકક્ષેત્રે તેઓ શ્રી અંધ ઉદ્યોગ શાળાની દીકરીઓના પ્રાણ હતા તેમજ અનેક સેવભાવી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતાં. તેમની વ્યવહાર કુશળતા, સૂઝ-બૂઝ અને દીર્ધદષ્ટિ દ્વારા સમાજમાં પરોપકાર અને પરમાર્થના અનેક ઉલ્લેખનીય કાર્યો થયા છે.

શ્રી અંધ ઉદ્યોગ શાળામાં નિષ્ઠા હોમ સાયન્સનો લાભ લઈ સંસ્થામાં ભણતી દીકરીઓ વ્યવહારિક જીવનમાં પણ આત્મનિર્ભર બને તે માટે આ સેન્ટર સ્થાપવામાં મોટી રકમનું અનુદાન આપી આ લાભ લીધો હતો અને એ સેન્ટરમાં પોતે જ ટ્રેનિંગ આપવા જતાં. આવી રીતે તન, મન અને ધન વાપરીને સમાજને અલગ રાહ ચીંધેલ હતો... !!







શ્રી નીલાબેન એટલે સદ્ગુણોનો સરવાળો કહી શકાય. તેઓ વ્યવહાર દક્ષ, નમ્ર, નિખાલસ, સરળ અને સૌમ્ય હતાં. તેમની બીજા માટે ઘસાઈ છૂટવાની અને બીજાના કામમાં આવવાની ઉદાર ભાવના ખૂબ જ પ્રશંસનીય છે. તેમનો આતિથ્ય સત્કાર અને કુટુંબ વાત્સલ્યતા તેમના જીવનના આગવા અંગ સમાન હતા.

શ્રી નીલાબેન તમારા પણ દરેક કાર્યમાં સાથ આપતા હતા અને ખભે ખભા મેળવી સમાજના દરેક કાર્યોમાં તેઓ હરહંમેશ સક્રિય રહેતાં અને સુંદર સાથ અને સહકાર આપતાં.

શ્રી નીલાબેનના દુઃખદ અવસાનથી આપણા સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે અને તેમની યાદો હંમેશા સમાજ અને સંસ્થા સાથે સંકળાયેલી રહેશે.

આપના પરિવારને મોભી સમાન વ્યકિતની ખોટ પડી છે જેનું અમોને ખૂબ જ દુઃખ છે.

દુઃખના આ કપરા સમયને સહન કરવાની પ્રભુ આપને અને ખાસ આપની દીકરી નિષ્ઠા અને આપના પરિવારને શકિત આપે અને સદ્ગતના પવિત્ર આત્માને પ્રભુના ચરણમાં શરણ અને શાશ્વત સુખ સાંપડે એવી હાર્દિક પ્રાર્થના.

લિ. અંધ ઉદ્યોગ શાળા કમિટી, મુંબઈ
વતી અલ્પેશ પ્રવીણચંદ્ર ગાંધી

---

આપ હંમેશ બીજાને પ્રેરણા દઈ રહ્યા છો અને સેવાકીય પ્રવૃત્તિમાં જીવન રેડી દીધું. આપની તમામ સેવાકીય પ્રવૃત્તિમાં હંમેશા સાથ આપનાર અને તમારા અર્ધાંગિની તેવા નીલાબેનને આ કાળમુખો કોરોના ભરખી ગયો- જે ખૂબ દુઃખની વાત છે. હરિ ઈચ્છા પાસે આપણું કશું ચાલતું નથી. પણ નીલાબેનની આ અચાનક વિદાયથી દિવ્યાંગતાક્ષેત્રે એક મોટી ખોટ રહેશે. આપની પાસે તો અમે કશું કહી ના શકીએ પરંતુ આપની તબિયત સાચવજો. ઈશ્વર નીલાબેનની આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

રણજિતભાઈ મકવાણા,
પાલિતાણા.

એક અદ્વિતીય અને વિરલ વ્યકિતત્વના સ્વામીની અને અંધ હોવા છતા પણ જેના કર્મમાં જરા પણ કચાશ જોવા મળી નથી એવા કવિયત્રી અને સંગીતના ઉપાસક નીલાબેનને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.

આપની કાયમ ખોટ શ્રી ઘનશ્યામનગર શાળા પરિવારને લાગશે.

ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે...

નીલાબેનના વ્યકિતત્વનો પરિચય આપું તો,

તેઓ હંમેશા સસ્મિત જોવાં મળતાં.

તેઓ સ્વભાવે સરળ હતાં.

તેઓ બાળકોમાં પ્રિય હતાં, સદા બાળકો તેમની ફરતે વિંટળાયેલા રહેતા. આગળ ભણવા જનાર બાળકો તેમને અચૂક મળવા આવતા અને નીલાબેનનો હાથ પકડીને પૂછે કે : 'તમે મને ઓળખો છો ?' તો તરત તેના અવાજ પરથી એ બાળકને ઓળખી જતાં. (મેં જોયેલો દાખલો)

તેઓ ધોરણ ૧ થી ૫ ના તમામ વિષયો બ્રેઈલ લિપિના પુસ્તકમાંથી અભ્યાસ કરી બાળકોને ભણાવતા હતા.

શાળા બંધ હતી છતા તેઓ બીજાના ફોનમાંથી માઈક્રોસૉફ્ટ ટીમ પર ભણાવતા હતા.

ધોરણ ૩, ૪ માં ગુજરાતી વિષયના એકમનો પોતે બોલીને વીડિયો બનાવતા અને ગ્રૂપમાં શેર કરતા.

તેમણે ઘણા બધા સ્વ-રચિત ગીતોની રચના કરી છે, જેમાં અમારા સૌનું પ્રિય શાળાગીત અને ગુણોત્સવ ગીત છે.

તેઓનો અવાજ ખૂબ જ સુકોમળ હતો, તેઓ જયારે હાર્મોનિયમ વગાડતા વગાડતા ગાતા ત્યારે શિક્ષકો અને બાળકો તેમાં લીન થઈ જતા, ખોવાઈ જતા.

તેઓ પરોપકારી અને સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલાં હતાં.

અંધ ઉદ્યોગ શાળા અને અંધજન મંડળની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય રહી જવાબદારી નિભાવતાં હતાં.

મિત્રો, નવાઈની વાત તો એ છે : છેલ્લે એ બ્રેઈલ લિપિમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અભ્યાસ કરી રહ્યા હતા.

રોહિતભાઈ ઘનશ્યામનગર શાળા







## નીલાબેન લાભુભાઈ સોનાણીની સ્મૃતિમાં

નીલાબેન, આ નામ યાદ કરતા કાર્યશીલ, કુનેહથી સક્રિય રહી કાર્ય કરનાર વ્યકિત નજર સામે આવે. આત્મવિશ્વાસ ખૂબ જ દૃઢ. એમના સૂચનોમાં અનુભવના નિચોડ મળે. પ્રશ્નો, મૂંઝવણ કે પડકારોના સમયે શાંત અને ધીર-ગંભીરતાથી એક એક પગલું ભરે.

મારે અંધશાળામાં નાના-મોટા કાર્યક્રમોમાં, પ્રસંગોમાં કે પછી ઑફિસમાં સ્નેહી શ્રી લાભુભાઈ પાસે મળવા જવાનું થતું ત્યારે નીલાબહેનને મળવાનું થતું, એનું વ્યકિતત્વ એવું હતું કે તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવાછતાં તેમાં આંતરચક્ષુ એવા પ્રભાવી હતા કે સૌને માટે એવું લાગે કે નીલાબેન જીવંત વ્યકિત છે. તેની ઉપસ્થિતિથી અને હાજરીમાં પ્રેરણા અને પ્રોત્સાહનનો ધોધ વહેતો.

કહે છે કે સારી અને લાગણીશીલ વ્યકિતની ઈશ્વરને પણ જરૂર હોય, એમની અણધારી વિદાયથી તેમના પરિવારમાં જ નહીં સમગ્ર સંસ્થા અને મિત્ર વર્તુળમાં પણ શોક પ્રસરી ગયો.

નીલાબેન જેવી પ્રભાવી વ્યકિત, તેના કાર્યો અને સુવાસથી આપણી વચ્ચે છે એમને ગમતું કાર્ય અને સમાજસેવાની પ્રવૃત્તિ કરી એમને સ્મરણાંજલિ આપીએ.

બકુલભાઈ ઈન્દુભાઈ ચાતુર્વેદી
પત્રકાર, ફૂલછાબ, ભાવનગર
૯૮૭૯૬૦૬૧૬૬

---

પ્રજ્ઞાચક્ષુ દીકરીઓની પથદર્શક માતા એટલે શ્રી નીલાબેન સોનાણી ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનાં ટ્રસ્ટી શ્રી નીલાબેન સોનાણીની અચાનક વિદાયના સમાચાર મળવા એ આઘાતજનક હતું. જોકે હજાર હાથવાળા ઈશ્વર પાસે આમ પણ માનવી પાંગળો છે અને તેમાંય કોરોનાની કારમી થપાટે તો કેટલાય પરિવારોના માળા વિંખી નાખ્યા છે. આવું જ બન્યું છે સોનાણી પરિવારમાં. શ્રી નીલાબેન સોનાણીને હું છેલ્લા ઘણા વર્ષોથી ઓળખું છું, એકદમ સરળ સ્વભાવ અને બીજાને કાયમ મદદ કરવાની

ભાવના રાખનારા તેઓ હતાં. ભાવનગર અંધ શાળામાં મારે જવાનું થાય ત્યારે નીલાબેન ત્યાં અચૂક મળે અને બસ તેમના મુખેથી માત્ર એક જ વાત સાંભળવા મળે કે હું ભલે પ્રજ્ઞાચક્ષુ હોઉં પરંતુ મારી લાડકી દીકરીઓને ક્યારેય તેઓ પ્રજ્ઞાચક્ષુ છે તેવું મહેસુસ ના થવું જોઈએ અને તેમને એક માતા તરીકેની મારે હૂંફ આપવી છે અને તેઓને રસોઈ કે ઘરકામના મામલે કોઇ પણ વ્યક્તિ કોઈ ટકોર ના કરી જવું જોઈએ. શ્રી નીલાબેન ક્યારેય હિંમત હરનારા બન્યા નથી, પરંતુ કોરોનાના કપરા સમયમાં તેમની અચાનક વિદાય શ્રી લાભુભાઈ અને દીકરી નિષ્ઠાને માટે વસમી વિદાય બની ગઈ છે ત્યારે શ્રી નીલાબેનના આત્માને ઈશ્વર શાંતિ આપે તેવી પ્રાર્થના...

નીતિન સોની
સિનિયર પત્રકાર
(ઇલેક્ટ્રોનિક્સ મીડિયા)

## સ્વ.નીલાબેન એલ.સોનાણીને શ્રદ્ધાસુમન

નીલાબેન સોનાણી એક દીર્ઘદ્રષ્ટિ દૂરદર્શી અને સંવેદનાનાં સ્રોત હતા. તેઓ જેના પણ સંપર્કમાં આવ્યા તેને સમાજસેવાની લગની લગાડી. એક સહજ સ્નેહસેતુથી સહુને સાંકળી તેમના જીવનકાળ દરમિયાન તેમણે કરેલ કાર્યો સ્વયં ઉદાહરણીય છે. બાળકોના તે માત્ર શિક્ષક નહીં પણ વાત્સલ્યની મૂર્તિ હતાં. પ્રજ્ઞાચક્ષુ બહેનોના સાચા સખી હતાં. તેમને ખોયાનો વસવસો માત્ર તેમના કુટુંબ જ નહિ પરંતુ સમગ્ર તેમના તમામ પરિચિત વ્યક્તિઓને છે.

''જે જીવે હરઘડી જન જન હૈયે,
તે સ્વર્ગવાસી થયા, એમ કેમ કરી માની લઈએ?''

સ્નેહ વાત્સલ્ય, વિચક્ષણ બુદ્ધિ અને વૈચારિક રીતે સમૃદ્ધ એવા નીલાબેનને શતશત નમન...

- પંકજબાળા
- તારક લુહાર





## સ્વ.નીલાબેન લાભુભાઈ સોનાણીને શ્રદ્ધાસુમન

જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે.

સમાજસેવાનાં ભેખધારી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનાં મોભી શ્રી લાભુભાઈ સોનાણીનાં ધર્મપત્ની અક્ષરનિવાસી થતાં પરિવાર ઉપર આભ તૂટી પડયું છે. સફળ પુરુષ પાછળ સ્ત્રીનો હાથ હોય છે તે નીલાબેને સાર્થક કર્યું છે. લાભુભાઈની સમાજસેવા, વિકલાંગો પ્રત્યેની દરેક સફળ કામગીરીમાં નીલાબેનનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. નીલાબેનનાં ઉત્તમકાર્યો, નિઃસ્વાર્થસેવા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્જવલિત રહેશે. આવા દિવ્ય આત્માને પ્રભુ ચિરશાંતિ આપે અને પરિવારને વિયોગ સહન કરવાની શકિત આપે એ જ પ્રભુને પ્રાર્થનાસહ તેના દિવ્યઆત્માને વંદન.

વિપુલ હિરાણી (સિનિયર પત્રકાર)
જયહિન્દ દૈનિક, મુંબઈ સમાચાર
ગુજરાત મીરર, સાંજ સમાચાર
મો. :૯૪૨૭૭૫૩૩૧૨

## ભાવભરી પુષ્પાંજલિ

સાહેબ, નીલાબેન ગુમાવ્યાનું અમોને અપાર દુઃખ થાય છે. હું સંસ્થાની મુલાકાતે આવ્યો ત્યારે યોગાનુયોગ નીલાબેનની મુલાકાત થઈ ત્યારે એમ થયું કે સાક્ષાત્ દેવી સ્વરૂપ ! નીલાબેન, લાભુભાઈના જીવનમાં જીવનસાથી બનીને આવ્યા છે તે ખરેખર સદ્‌ભાગ્ય કહેવાય. નીલાબેન એક વિરલ અને દૂરંદેશી મહાન સ્ત્રી હતાં. મેં જયારે નમસ્કાર કર્યા ત્યારે તેમના હૃદયમાંથી જે શબ્દો નીકળ્યા તે ખરેખર દિવ્ય અને અપ્રતિમ હતા : કે ભાઈ અમોને ગૌરવ થાય છે કે ભીતરના ઉજાસથી અમોને સેવા કરવાની તક મળી છે. નીલાબહેનની અચાનક વિદાય (આપણા સૌના હૃદયમાં છે.) થી આજે પણ હું આંસુઓ રોકી શકતો નથી. ખરેખર તમારા જીવનના અમૂલ્ય દિવસોમાં સાથ આપ્યો છે તે વંદનીય છે. હું આપની સાથે ઑફિસમાં બેઠો હતો ત્યારે

નીલાબેન આવતાં હું થોડીવાર માટે ખુશીનો માર્યો સ્થિર થઈને પ્રણામ કરતો રહેલ. આજે નીલાબેનની ખુબ જ યાદ આવે છે. આપના પરિવાર સાથેનાં સંસ્મરણો અતિશય યાદ આવે છે. નીલાબેન સૌના વિરાટ માર્ગદર્શક હતાં. તેઓને કોટી કોટી વંદન.

લિ. આપનો દોસ્ત
અતુલ શુકલ પત્રકાર,
દામનગર

---

મારા પ્રિય નીલાબેનને મળવાનો દિવસ ૨૦/૧૨/૧૯૯૨ રવિવાર હતો. મધૂર સ્વરે સાંભળવાનો અને જીવનમાં મધૂર બનાવવાનો દિવસ.

નીલા એટલે નીર્મળ લખાય, જીવન તેમનું જીવન સંગીતના સ્વર જેવું હતું.

સા – સાગર જેવું, સર્મપણ જેવું.
રે – રેશમ જેવું નરમ
ગ – ગણિત ગમત મય.
મ – મધુર મન જેવું, વાત્સલ્ય ભાવવાળું મંગલમય.
પ – પરમેશ્વરને પુષ્પ સર્મપણ કરી એ તેમ.
ધ – ધીરજવાન, ધાર્મીક, ધરતી સમાન.
ની – નીયમ અનુસાર ચાલવું.
સા – માતા શારદા સમાન.

તેમનું આવું જીવન મારા હૃદયને સ્પર્શ કરીને નીલ ગગનમાં વસી ગયું.

તેમના મધૂર સ્વર સંગીત કાનમાં હજી ગુંજન કરી રહ્યા છે.

''હેમાબેન... કમે છો ? ઘણા દિવસ થઈ ગયા તમારો અવાજ સાંભળવા મળ્યો નથી.''

ભગવાન આ દુ:ખને સહન કરવાની મને શકિત આપે તેવી મારી પ્રાર્થના.

ચિ. નિષ્ઠા અને શ્રી લાભુભાઈ સોનાણીને મારા પ્રણામ.

લિ. હેમા (અમેરીકા)





## 'મારા પ્રિય નીલાબહેન'

'રાહ જોઉં છું હું'
આપણા સખી ગ્રુપના ચિત્રમાં હજુ પણ
રંગ અધૂરા છે તમે પાછા આવીને તેમાં પ્રેમના રંગો
ફરી ભરો એની રાહ જોઉં છું હું

સખી ગ્રુપમાં મારી સાથેની તમારી યાદો હજુ પણ
એકલી જ છે ફરી આ યાદોને સાથે બેસીને
વાગોળીએ એની રાહ જોઉં હું

સખી ગ્રુપમાં તમારી જુદાઈના આંસુ
હજુ એટલા જ છે જે આંસુ લુછવા માટે કયારેક
તમારો હાથ મળે એની રાહ જોઉં હું

તમારા ગયા પછી આપણું ફૂલોની જેમ ખીલેલું
સખી ગ્રુપ સાવ વેરણ થઈ ગયું છે તમે પાછા આવીને
એની ઉપર પ્રેમનો વરસાદ કરો એની રાહ જોઉં છું હું

આજે પણ દરેક ક્ષણે સખી ગ્રુપમાં પહેલા
તમારી યાદ અને પછી શ્વાસ આવે છે અમારા શ્વાસમાં
તમારા શ્વાસ પરોવવા કયારે આવશો એની રાહ જોઉં છું

સખી ગ્રુપમાં હજી પણ શોધું છું તમારા
મીઠા અવાજને કયાંક ખૂણામાં પણ સાંભળવા મળશે
તમારો કલરવ એની રાહ જોઉં છું હું

લિ.
'મિતલ કાતરિયા'

# સ્વ. નીલાબેન એલ. સોનાણીને ભાવભરી શ્રદ્ધાંજલિ



કયા શબ્દોથી આપને શ્રદ્ધાંજલિ આપવી ?

તમારા વગર આજે અમે રાંક બન્યાં છીએ

એક તેજસ્વી વ્યક્તિ ગુમનામ થઈ છે.

આપ સદેહે અમારી વચ્ચે નથી. પરંતુ પરંતુ આપનો શબ્દદેહ અમર છે આપની એક એક વાતો, વાકયો, પંક્તિઓ અને આપના લીલાછમ શબ્દો અમારી આસપાસ ગુંજતા રહેશે.

આપના જ શબ્દોની આપના જ પુનઃગૂંથણીથી નવી મુક્તપંચિકાઓ રચી નીલાબેન આપને હૃદયથી ભાવભીની શ્રદ્ધાંજલિ આપુ છું.

**તમે અમારી**
**ટગરફૂલ**
**આંખે ઝૂલ્યા, નીલાબેન!**
**અમને તમારી લાગણીઓની યાદ!**

**તમારો ભાઈ..**

**સુરેશ નટુભાઈ ત્રિવેદી**
**સિનીયર જર્નાલિસ્ટ**
**આકાશવાણી, (AIR)**
**ગુજરાત વૈભવ, આપણું ગુજરાત ન્યુઝ ચેનલ**





# સ્નેહાંજલિ

'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ' જન્મેલાનું મૃત્યુ નક્કી છે, પણ કલ્લોલ કરતું કુટુંબ નંદવાય ત્યારે લોહીનો સંબંધ ધરાવતા સ્વજનનું આક્રંદ સાંભળી મજબૂત મનનો માનવ પોકારી ઊઠે કે – 'હે વિધાતા ! તેં આ શું કર્યું ?'

નીલાબેનનું મૃત્યુ ઘણાને નોધારા કરતું ગયું.

- ઘનશ્યામનગર શાળાના બાળકોએ પ્રેમાળ શિક્ષિકા
- અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ બાલક-બાલિકાએ માર્ગદર્શક માતા
- મધુર દામ્પત્ય જીવન ભોગવતા લાભુભાઈએ પોતાની અર્ધાંગિની ગુમાવી પણ યૌવનના ઊંબરે ડગ માંડતી નિષ્ઠાએ પોતાની છત્રછાયા ગુમાવી.

કોઈપણ દીકરી બાલ્યાવસ્થામાંથી પસાર થાય ત્યારે અને યૌવનના ઊંબરે ડગ માંડે ત્યારે માતાની વધુમાં વધુ જરૂર હોય છે. નિષ્ઠાને પ્રેમાળ હૂંફ આપતી માતાની જરૂર હતી ત્યારે ઈશ્વરે આ ખેલ ખેલ્યો છે જેમના જખમ અમારા જેવાને લાંબો સમય રુઝાવાના નથી તો વહાલસોય દીકરીની સ્થિતિ વિચારો !!

અંધ ઉદ્યોગ શાળાના મારા કાર્યકાળ દરમિયાન જયારે પણ નીલાબેનને મળવાનું થયું – સદા હસતો ચહેરો મેં નિહાળ્યો છે. આવા પ્રસન્ન અસ્તિત્વની અહીં જરૂર હતી તેને તેં હે ઈશ્વર ઝૂંટવી લીધેલ છે.

અંતે એટલું જ કહીશ કે – હે પ્રભુ ! આવેલ દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપજે. ૐ શાંતિઃ શાતિઃ શાંતિઃ ।

**ઘનશ્યામભાઈ બારૈયા**
**પૂર્વ આચાર્ય,**
**અંધ ઉદ્યોગ શાળા, ભાવનગર**

Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya & Late Bhavsar Khamalaxmi Devchanbhai Talajiya

**ANKUR** SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN

Plot No. 1945, Nr. Working Women's Hostel, Sardarnagar, Bhavnagar - 364 002 Gujarat-India
Phone : 0278 - 2566956, 2573038 • E-mail : ankurmrschool.bvn@gmail.com • www.ankurspecialschoolbhavnagar.org

અંકુર — સ્વ. ભાવસાર દેવચંદભાઈ મૂળજીભાઈ તળાજીયા તથા સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા — Associate with Smt. P.N.R. Society

મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

પ્લોટ નં. ૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૨ ગુજરાત-ભારત

COMMITMENT TO EXCELLENCE

Services
- Sp. Education
- Physio-Occu. Therapy
- Speech Therapy
- Sensory Therapy
- Music Therapy
- Yoga
- Cultural
- Vocational Training
- Computer Training
- E - Learning
- Placement
- Teachers Training college
- Awareness
- Counseling & Guidance
- Capacity Building & Empowerment
- National Trust activity
- Special Olympics activity
- Socialization & Inclusion
- Excursions
- Barrier Free Campus
- Help Desk

તા. ૨૮/૦૪/૨૦૨૧

**શોક સંદેશ**

આત્મીયશ્રી લાભુભાઈ સોનાણી તથા પરિવારજનો...

આપનાં ધર્મ પત્ની શ્રી નીલાબેન સોનાણીનાં તા. ૨૦/૦૪/૨૦૨૧ મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયાનાં સમાચાર જાણી 'અંકુર' સંસ્થાનાં ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફનાં સભ્યો તથા બાળકો વિગેરે ઉંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

આપનાં ધર્મ પત્નીનાં અવસાનથી આપનાં પરિવારજનોને ન પૂરી શકાય તેવી ખોટ પડેલ છે. જ્યારે કોઈ વ્યકિત જીવનમાંથી ચાલી જાય છે ત્યારે તે વ્યકિત ફકત જતી નથી પરંતુ આપણું અડધું અસ્તિત્વ લઈને જાય છે.

આપના ધર્મ પત્નીનાં દુઃખદ અવસાનની જે ઘટના બની તેમાં અમે તથા 'અંકુર' નાં મંદબુધ્ધિવાળા બાળકો લાગણીથી સાથે છીએ, અમારા સૌની પ્રાર્થના આપની સાથે છે. આપનાં પરિવાર ઉપર આવી પડેલ આ આઘાત સહન કરવાની પ્રભુ આપને શકિત આપે અને સદ્ગતનાં આત્માને પ્રભુ શાંતિ આપે તેવી અભ્યર્થના સાથે 'અંકુર' પરિવાર દિલસોજી સાથે સાંત્વના પાઠવે છે.

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

| | | |
|---|---|---|
| ડી. જે. ધંધુકિયા<br>માનદ્ મંત્રી | દેવલભાઈ જે. શાહ<br>માનદ્ ટ્રેઝરર | અલ્પેશભાઈ કે. શેઠ<br>માનદ્ મંત્રી<br>તથા<br>'અંકુર' પરિવાર |

Trust Regl. No. E-459 • National Trust Regl. No. GANK/15510466624 • P.W.D. Act Regl. No. 72/97 • F.C.R.A. Regl. No. 041980062

Society Regd. No. Guj / 3522 / Surendranagar — Income Tax Exemption u/s 80(G) & FCRA — Trust Reg. Act F / 3480 / Surendranagar

Inspired by C.U.Shah

**Shree Pragna Chakshu Mahila SevaKunj**

• (THE INSTITUTION SERVES BLIND FEMALES & MALES) •

Organized :
1) Ku. Vinoda K. Shah Andh Mahila Kelavani Kendra
2) G.U.Shah Andh Kanya Madhyamik Vidhyalaya
3) Inclusive Education Project
4) Industrial Training Institute
5) Swadhar Greh

Adjacent to : B/H Dada Bhagwan Mandir, Opp. Jalaram Petrol Pump, Muli Road, Surendranagar- 363 020 Ta. Wadhwan, Dist. Surendranagar. P. Box No. 18,(Gujarat) India Phone. 87586 71863, 76987 43093, Mo. 7096609915

Website : www.pragnachakshu.com • e-mail : pragnachakshu@gmail.com

O. W. NO. — Date : 20/04/2021

**શોક ઠરાવ**

સ્નેહી ભાઇશ્રી,
લાભુભાઇ સોનાણી
કે.કે.અંધ ઉદ્યોગ શાળા,
ભાવનગર

આજરોજ આપના પત્ની સ્વ. નિલાબેનના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી ઉપરોક્ત સંસ્થા પરીવારે ઘેરા દુઃખની લાગણી અનુભવી છે.

સ્વ. નિલાબેન આપના સેવાપંથના સાથી અને પ્રેરણાદાતા હતા. તેમને આપને સામાજીક કામ કરવા માટે સદાય પ્રોત્સાહન પૂરૂ પાડયુ છે. સ્વ. નિલાબેને ઘર અને પરીવારની તથા નોકરીની તમામ ફરજો સફળતા પૂર્વક અદા કરીને સૌને સુખી કરવાના પૂરા પ્રયાસો કર્યા છે. આપના સેવાકાર્યને સફળ બનાવવામાં તેમની ખુબ મોટી ભુમીકા છે. સ્વ. નિલાબેને આપના સહકારથી નેત્રહિન બહેનો માટે સખી મંડળની સ્થાપના કરી અંધ બહેનોને વિકાસ માટેનું એક અનોખુ પ્લેટફોર્મ પૂરૂ પાડયુ છે. સ્વ. નિલાબેન સાચા અર્થમાં એક સમાજ સેવીકા હતા અને નેતૃત્વના અનોખા ગુણ ધરાવતા હતા. તેમનુ અકાળે અવસાન માત્ર આપના પરીવાર માટે જ દુઃખ રૂપ નથી સમગ્ર સમાજને એક સારા મહિલા કાર્યકર ગુમાવ્યાનું દુઃખ છે. તેમના અવસાનના સમાચાર સાંભળીને સમગ્ર ગુજરાતમાં ઉદાસીનો એક માહોલ છવાઇ ગયો છે. તેમનો મિલનસાર અને શાંત સ્વભાવ ખરેખર સૌના દિલને સ્પર્શી ગયો છે. સૌ સાથેનું તેમનુ લાગણી ભર્યુ વર્તન આજે સૌને રડાવી રહયુ છે. આવા માનવતા વાદી માતબર મહિલાનું જવુ સમાજ માટે દુઃખ રૂપ છે. સમાજને તેમની ઘણી મોટી ખોટ પડી છે. જેનું કોઇ નિવારણ નથી. પુત્રી નિષ્ઠા તથા આપને છોડીને તેમનુ જવુ આપ સૌ માટે તથા સમાજ માટે દુઃખ રૂપ હોય સમગ્ર સંસ્થા પરીવારે સ્વ. નિલાબેનના આત્માની શાંતી માટે તથા આપણને સૌને આ આઘાત સહનકરવાની શકતી આપવા માટે પ્રાર્થના કરેલ છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતી આપે એજ પ્રાર્થના.

Secretary,
MUKTA P. DAGLI
Padmashri Awardee
Shree Pragnachakshu Mahila Sevakunj
Surendranagar

MUMBAI ADDRESS : C/o. Shah & Shah Associates, A-Block, Warkhede Stadium, Next to Shashi Prabhu Office, D-Road Churchgate, Mumbai- 400 020. India. Office : 7045945495

Reg. No. E-944
Disabilities Act. 1995 Reg. No. 115/02 — Ph. (02832) 221398

**NATIONAL ASSOCIATION FOR THE BLIND**

Kachchh-Bhuj (Dist. Branch)

Flat No. 101, Rushikesh Appartment, Nr. Nagarik Society, Bhuj-Kutch.

NAB Ref. No. 19/2021 — Date : 22/04/2021

પ્રતિશ્રી
લાભુભાઈ સોનાણી
મંત્રીશ્રી
ભાવનગર એન.એ.બી.

**શોક સંદેશ**

સ્નેહીજનશ્રી લાભુભાઈ સોનાણી સાહેબ આપના ધર્મપત્ની એવા નીલાબેન સોનાણી નું દુઃખદ અવશાન થયેલ તે સાંભળીને ખુબજ દુઃખ થાય છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેમજ તમારા પરિવાર ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી ઈશ્વર પાસે પ્રાર્થના એન.એ.બી. કચ્છ ભુજ કારોબારી સમિતિ દુઃખની લાગણી વ્યક્ત કરે છે.

જયશ્રી કૃષ્ણ

મંત્રી
નેશનલ એસોસીએશન
ફોર ધ બ્લાઈન્ડ
ભુજ-કચ્છ

છગનભાઈ ઈ. પટેલ
શ્રીનાથજી પેલેસ-2, બિલ્ડીંગ
101, કૈલાશ ફાર્મ સામે
અલીપુર રોડ, ચીખલી
ગુજરાત
9429432598

"શોક સંદેશ"

આદરણીય લાભુભાઈ, આપના ધર્મપત્ની અને નિષ્ઠાનાં માતૃશ્રી નીલાબેનનાં અવસાનનાં દુઃખદ સમાચાર સાંભળી અમારો પરીવાર શોકમગ્ન બની ગહેરા દુઃખની લાગણી અનુભવે છે, સદ્ગતનાં આત્માને ચિરશાંતી અર્પે અને સોનાણી પરીવાર ઉપર આવી પડેલી વિપતી સહન કરવા ઈશ્વર શક્તી આપે તેવી ઈશ્વરને પ્રાર્થના, સ્વ. નિલાબેનને સાચી શ્રદ્ધાંજલી આપી ગણાશે.

વિશેષ :- આદરણીય લાભુભાઈ, આપે અંધજન કલ્યાણનો જે યજ્ઞ શરૂ કર્યો છે તે તમારી તાકાતથી અંધ દિકરા-દિકરીઓનું કલ્યાણ થાય એવું કામ કરશો એજ નિલાબેનને સાચી શ્રદ્ધાંજલી આપી ગણાશે.

લી.
C. K. Patel



પાત્રતા વિનાની પ્રાપ્તી પતનનું કારણ બને.

લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન

**DR. BHARATIBEN D. SHYAL**
Member of Parliament
(Lok Sabha)
Bhavnagar – Gujarat

20,Janpath
New Delhi-110 001
Phone 011-23384066
E-mail: mpbhartishyal@gmail.com
bdshiyal.mp@sansad.nic.in

Member:
- Standing Committee on Petroleum & Natural Gas
- Consultative Committee on Ministry of Finance
- Committee on Government Assurances
- Marine Products Export Development Authority

MPBVN/SHOK/2021/104 — તા.22/04/2021

**શોક સંદેશ**

પ્રતિ,
સ્નેહીશ્રી
માન.શ્રી લાભુભાઈ ટપુભાઈ સોનાણી
જનરલ સેક્રેટરી શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા-ભાવનગર

" જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ " -જન્મ લેનાર તમામનું મૃત્યુ નિશ્ચિત છે.આખરે તો આત્માનું પ્રયાણ પરમાત્મા તરફ છે અને જીવ માત્ર શિવ તરફ ગતિ કરે છે. જો કે આપણા આપ્તજન જયારે વિદાય લે ત્યારે તેમની લાગણીઓ,સ્મૃતિ,સંબંધો આપણને શોકાતૂર કરી મુકે છે.

આપના ધર્મપત્ની સ્વ.શ્રી નીલાબેન લાભુભાઈ સોનાણી નું તા.૨૦/૦૪/૨૦૨૧ મંગળવાર ના રોજ રામચરણ પામેલ ના સમાચાર મળ્યા, ખુબ જ દુઃખ થયું.

સ્વજનની વિદાય સ્વાભાવિક જ અસહ્ય બની રહે છે પરંતુ નિયતિ પાસે આપણે સૌ લાચાર છીએ.પ્રભુ શોકગ્રસ્ત સમગ્ર પરિવારને શાંતિ અર્પે અને પરમગતિ તરફ પ્રયાણ કરનાર સદગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા તેમના સાનિધ્યમાં ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના......... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

આપના સ્નેહાધિન.

| | |
|---|---|
| ડો.ધીરુભાઈ બી.શિયાળ<br>પુ.ચેરમેનશ્રી આરોગ્ય સમિતિ જી.પ.ભાવનગર<br>પુ.પ્રમુખ ભાવનગર જીલ્લા બક્ષીપંચ મોરચો | ડો.ભારતીબેન ડી.શિયાળ<br>ઉપાધ્યક્ષશ્રી રાષ્ટ્રીય ભાજપા<br>સાંસદશ્રી- ભાવનગર લોકસભા |

॥ તમસો મા જ્યોતિર્ગમય ॥ — ફોન : ૦૨૮૬-૨૨૪૪૯૬૪

શ્રી અંધ સર્વોદય મંડળ સ્થાપિત

**લા. વા. શ્રી લોઢિયા અંધજન પુસ્તકાલય તથા નેતરવાલા અંધ વૃધ્ધાશ્રમ-પોરબંદર**

શ્રી અં.સ.મં. સ્થા. લા.વા. શ્રી લોઢિયા અંધજન પુસ્તકાલય પોરબંદર — રજી. નં. ઈ - ૪૦ પોરબંદર

નેતરવાલા અંધ વૃધ્ધાશ્રમ પોરબંદર — રજી. નં. ઈ ૮૫૧ પોરબંદર

આશા ચિલ્ડ્રન હોસ્પિટલ સામે, બિરલા રોડ, પોરબંદર - ૩૬૦ ૫૭૫

શ્રીમાન / શ્રીમતિ, — 22/4/21

શોક સંદેશ
શ્રી લાભુભાઈ સોનાણી તથા સોનાણી પરિવાર

આપના ધર્મપત્નિ સ્વ.શ્રી નીલાબેન લાભુભાઈ સોનાણી નું તા.૨૦/૪/૨૧ ના રોજ અવસાન ના સમાચાર જાણી આ સંસ્થાના ટ્રસ્ટી મંડળ ના સભ્યો ઉડા દુઃખ ની લાગણી અનુભવે છે. ખેર ઈશ્વરને જે મંજુર હોય તે. આપણા કલ્પાંતથી ઘટનામા પરીવર્તન થવાનું નથી.

પરમકપાળુ પરમાત્માં દિવંગત ના આત્માને ચિરશાંતિ આપે તેમજ આપને તથા આપના પરિવારને આ દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પરમકુપાળુ પરમાત્મને પ્રાર્થના

ઓમ શાંતિ ઓમ શાંતિ ઓમ શાંતિ

લી.
લોઢિયા અંધજન પુસ્તકાલય –પોરબંદર
નેતરવાલા અંધવધ્ધાશ્રમ – પોરબંદર
વતી અનિલભાઈ પોપટ



ભીખ આપી નકારાત્મકકાર્યને પ્રોત્સાહિત કરવું એ પૂણ્ય નથી પાપ છે.

સ્થાપના દિન : તા. ૦૪/૦૧/૧૯૫૮ 'તમસો મા જ્યોતિર્ગમય' ફોન નં. ૦૨૭૮-૨૫૧૦૪૭૫
**શ્રી અંધ અભ્યુદય મંડળ-ભાવનગર**
૩૭, ગ્રાઉન્ડ ફ્લોર, કાવેરી કોમ્પ્લેક્ષ, નવાપરા, ભાવનગર-૩૬૪ ૦૦૧
REGISTRATION NO. E / 267 ✪ PERMANENT INCOME TAX EXEMPTION NO.: DIT(E)80G(5)\72
પ્રમુખઃ શ્રી લાભુભાઈ સોનાણી મો.+ ૯૧ ૯૩૭૬૬૮૮૫૮૪
Email: andhabhyudaymandal@gmail.com

**: : શોક ઠરાવ : :**

શ્રી લાભુભાઈ સોનાણી તથા બહેન નિષ્ઠા, સ્વર્ગસ્થ નીલાબહેન સોનાણીની અચાનક થયેલી વિદાય સહુ માટે હૃદયદ્રાવક અને વસમી બની રહી છે. મહિલા વિંગના સમાજ સેવિકા અને સક્રિય ટ્રસ્ટી નીલાબેનની વિદાયથી મંડળના દરેક સભ્યો ઘેરાશોકની લાગણી અનુભવે છે.

સૌના લાડીલા, સદાય સૌનું શ્રેય ઈચ્છતા નીલાબહેનની અણધારી વિદાયથી આપ સૌ કુટુંબીજનો વ્યથિત હો તે સ્વાભાવિક છે, જગતમાં જે કોઈ આવે છે તે ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે, પાછળ તો માત્ર સ્મૃતિઓના વન જ મુકતો જાય છે. નીલાબેનના દિવ્ય આત્માને પ્રભુ ચીર શાંતિ આપે તેમજ પરમકૃપાળુ પરમાત્મા આ દુ:ખ સહન કરવાની આપને શકિત આપે તેવી પ્રભુ પ્રાર્થના.

**ૐ શાંતિ: ... શાંતિ: ... શાંતિ: ...**

હસમુખભાઈ ધોરડા
માનદ મંત્રી

AKHIL GUJARAT NETRAHIN JAGRUT-TRUST
**અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ**
સોનેરી સવાર • પ્રકાશના પંથે
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ-ભાવનગર
Trust Reg.: F2638/Bhavnagar
સંસ્થાને આપેલ દાન ૮૦-G હેઠળ કરમુક્ત છે.
C/o. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર પાસે, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨
C/o. Shri K.K. Blind School & Home for the Blind, Opp. New Filter, Vidhyanagar, Bhavnagar-364 002
Ph. No. 0278 2423917, Fax No. 0278 2517025
Email : agnjtbhavnagar@gmail.com, ltsonani@gmail.com Blog : agnjs.blogspot.in

**: : શોક ઠરાવ : :**

શ્રી લાભુભાઈ સોનાણી તથા બહેન નિષ્ઠા, સ્વર્ગસ્થ નીલાબહેન સોનાણીની અચાનક થયેલી વિદાય સહુ માટે હૃદયદ્રાવક અને વસમી બની રહી છે. સૌરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ સખી મંડળના પ્રણેતા એવા નીલાબેનની વિદાયથી ટ્રસ્ટના દરેક સભ્યો ઘેરાદુખની લાગણી અનુભવે છે. સૌરાષ્ટ્ર પ્રજ્ઞાચક્ષુ સખી મંડળને ન પૂરી શકાય એવી ખોટ પડી છે નીલાબેનના આ કાર્યને પૂર્ણ કરવા સૌરાષ્ટ્ર સખી મંડળના તમામ સખીઓ તેમજ ટ્રસ્ટના તમામ હોદ્દેદારો હરહંમેશ તત્પર રહેશે.

સૌના લાડીલા, સદાય સૌનું શ્રેય ઈચ્છતા નીલાબહેનની અણધારી વિદાયથી આપ સૌ કુટુંબીજનો વ્યથિત હો તે સ્વાભાવિક છે, જગતમાં જે કોઈ આવે છે તે ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે, પાછળ તો માત્ર સ્મૃતિઓના વન જ મુકતો જાય છે. નીલાબેનના દિવ્ય આત્માને પ્રભુ ચીર શાંતિ આપે તેમજ પરમકૃપાળુ પરમાત્મા આ દુ:ખ સહન કરવાની આપને શકિત આપે તેવી પ્રભુ પ્રાર્થના.

**ૐ શાંતિ: ... શાંતિ: ... શાંતિ: ...**

હસમુખભાઈ ધોરડા
માનદ મંત્રી





લાગણીનો દસ્તાવેજ...શ્રદ્ધાસુમન

જય ગોગા / જય જહુ
સમર્પિત ૨૫ વર્ષ નિસ્વાર્થ સેવાના ૧૯૯૬-૨૦૨૧
**ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ**
દિવ્યાંગ સેવા પરીસર, વિસનગર-વિજાપુર હાઈવે,
બાજીપુરા પાટીયા પાસે, મુ.કુવાસણા તા.વિસનગર
જી.મહેસાણા (ઉ.ગુ.) ફોન : (૦૨૭૬૫) ૨૮૧૨૧૦
મો.૯૭૨૭૭૨૮૯૦૯/૯૮૨૫૮૪૨૦૧૩/૯૭૨૭૭૨૮૯૧૩
Email : info@ugvks.org web:www.ugvks.org

જાવક નં.:યુજીવીકેએસ/૦૦૯/૨૦૨૧-૨૨ તારીખ : ૨૧-૪-૨૦૨૧

**શોકાંજલિ સંદેશ**

પ્રતિ,
**શ્રી લાભુભાઈ ટી.સોનાણી**
**તથા સમગ્ર પરીવારજનો**
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા, ભાવનગર.

ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ ★ વિસનગર ★

આદરણીય શ્રી લાભુભાઈ,

આપના ધર્મ પત્નીશ્રી **સ્વ.શ્રીમતી નીલાબેન લાભુભાઈ સોનાણી**ના દુખદ અવસાનના સમાચાર જાણી ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ-વિસનગર સંસ્થાનો સમગ્ર પરીવાર ઘેરા શોક અને ઊંડા દુખની લાગણી અનુભવે છે.

સ્વજન એ સ્વજન હોય છે તેની ખોટ ક્યારેય પુરી શકાતી નથી જન્મ અને મૃત્યુ એ કુદરતી ક્રમ છે એના આગળ માનવી લાચાર છે.સ્વ.ને શ્રધ્ધાંજલી આપવાની પ્રબળ ઈચ્છા હોવા છતાં પ્રવર્તમાન કોરોનાની પરિસ્થિતીમાં રૂબરૂ આવી શક્યા નથી એનું અમોને પણ દૂ:ખ છે આ પત્ર દ્વારા આપશ્રીના ધર્મપત્નીશ્રીને અમારી શ્રધ્ધાંજલી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને આવા કપરા સમયમાં આપના સમગ્ર પરીવાર પર આવી પડેલ આઘાતને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સ્વર્ગસ્થના પૂણ્ય આત્માને ચિર શાન્તિ અર્પે એજ સંસ્થા પરીવારની પ્રભુ પ્રાર્થના.

(સુરેખાબેન એસ.પટેલ)
માનદ્ મંત્રી

(અશોકભાઈ કે.પટેલ)
મેનેજીંગ ટ્રસ્ટી

SERVE THE BLIND
Tamaso ma jyotirgamaya
રાષ્ટ્રીય અંધજન મંડળ, ભાવનગર જિલ્લાશાખા
**National Association For The Blind (Bhavnagar District Branch)**
Opp. New Filter Vidhyanagar, Bhavnagar-364002 (Phone No. 0278-2423917, Fax no. 0278-2517025)
Email : nabbhavnagar2@gmail.com, ltsonani@gmail.com Website : www.nabBhavnagar.com
Pan : AAATN1560G ★ Trust Registration No. E/919

**: : શોક ઠરાવ : :**

શ્રી લાભુભાઈ સોનાણી તથા બહેન નિષ્ઠા, સ્વર્ગસ્થ નીલાબહેન સોનાણીની અચાનક થયેલી વિદાય સહુ માટે હૃદયદ્રાવક અને વસમી બની રહી છે. મહિલા વિંગના સમાજ સેવિકા અને સક્રિય કાર્યકર નીલાબેનની વિદાયથી એન.એ.બી બ્રાંચના દરેક સભ્યો ઘેરાશોકની લાગણી અનુભવે છે.

સૌના લાડીલા, સદાય સૌનું શ્રેય ઈચ્છતા નીલાબહેનની અણધારી વિદાયથી આપ સૌ કુટુંબીજનો વ્યથિત હો તે સ્વાભાવિક છે, જગતમાં જે કોઈ આવે છે તે ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે, પાછળ તો માત્ર સ્મૃતિઓના વન જ મુકતો જાય છે. નીલાબેનના દિવ્ય આત્માને પ્રભુ ચીર શાંતિ આપે તેમજ પરમકૃપાળુ પરમાત્મા આ દુ:ખ સહન કરવાની આપને શકિત આપે તેવી પ્રભુ પ્રાર્થના.

**ૐ શાંતિ: ... શાંતિ: ... શાંતિ: ...**

મહેશભાઈ સી. પાઠક
સહમંત્રી

LEELA WORLD WIDE

**Komalkant Sharma**
Managing Director

શોક સંદેશ    તા-૨૨/૪/૨૦૨૨

આત્મીય શ્રી લાભુભાઈ સોનાણી તથા પરિવાર

જય શ્રી કૃષ્ણ

આપના ધર્મપત્નિ નીલાબેન ના દેહવિલય ના દુઃખદ સમાચાર મને મળ્યા દુઃખ સાથે હું શોકની લાગણી અનુભવુ છું

આરસ જેવુ આપનું દામ્પત્ય જીવન ખંડિત થયુ આ સાંભળી અતિ દુઃખ થયુ પરંતુ જન્મ ને મૃત્યુ તો સનાતન સત્ય બાબત છે

શ્રી પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગત ના આત્માને ચિર શાંતિ અર્પે અને આપ સહિત આપના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

આપનો
(સહી)
(કોમલકાંત શર્મા)

**LEELA GROUP OF COMPANIES**

Office : "Leela Efcee", Near Aksharwadi, Waghawadi Road, Bhavnagar - 364 002 (Guj.) India
Tel. : +91 - 2573111 • Fax : +91 - 278 - 2573883
E-mail : cmd@leelaworldwide.com • Website : [illegible]

ફો.નં. ૩૮૯૨૮    તા. ૨૪/૪/૨૦૨૨

સ્નેહીશ્રી લાભુભાઈ -

આપના ધર્મપત્નિ સૌ. નીલાબેન નાની વયે આ ફાની દુનિયા ત્યાગી પરમાત્મામાં લીન થઈ ગયાના શોક સાથે સમાચાર વાંચી દુઃખ થયુ.

જે કોઈ આ સંસારમાં જન્મ લઈ આવે છે તેને કોઈને કોઈ દિવસ અવશ્ય જવાનુ છે કે નિર્વિવાદ છે તેમ છતાં પત્નિની વિદાય અને તેનો વિયોગ હંમેશા દુઃખદ હોય છે.

સદ્‌ગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવી અમો પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ-

લી. સુધીર સી. માહિડાર તથા,
કોકિલા એસ. માહિડારના
જયશ્રી કૃષ્ણ.



*સમય બચાવવાના સાધનો આપ્યા પણ સમયના સદઉપયોગની સમજ ન આપી એ વિજ્ઞાન, સદઉપયોગ સમજ એ તત્વ જ્ઞાન*



**SHRI K. K. SCHOOL & HOME FOR THE BLIND TRUST**
**શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ટ્રસ્ટ**

KSHB
Tamaso ma jyotirgamaya
Founded in 1932

નવા ફિલ્ટર પાસે, વિદ્યાનગર, ભાવનગર - ૩૬૪૦૦૧
Opp. New Filter, Vidhyanagar, Bhavnagar-364001 • Phone No.: (0278) 2423917
• TRUST REGISTRATION NO.F/24, • PAN : AAATK6213D
■ E-Mail : kkbsbhavnagar@gmail.com ■ ltsonani@gmail.com
■ Web : www.kkblindschool.org

- શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) પ્રજ્ઞાચક્ષુ વિદ્યાલય પ્રાથમિક શાળા
- સ્વ.પ્રભાવતિબેન જમનાદાસ શેઠ સદ્‌ભાવ પ્રજ્ઞાચક્ષુ મા. અને ઉચ્ચ. માધ્યમિક શાળા
- શ્રીમતિ ચંચળબેન લાલદાસ ટેકનિકલ સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ
- શ્રી ચંદ્રકાંત અને શ્રીમતિ કુંદનબેન ચંદ્રકાંત મહેતા કોમ્પ્યુટર ટ્રેનિંગ સેન્ટર
- નિષ્ઠા હોમ સાયન્સ સેન્ટર
- એલ.આઈ.સી. ગોલ્ડન જ્યુબિલી ફાઉન્ડેશન બ્રેઈલ પ્રેસ
- સ્વ.બકુલકુમાર બળવંતરાય સંઘવી ધ્વની મુદ્રણ કેન્દ્ર
- શ્રી નરેન્દ્રભાઈ મનુભાઈ શેઠ અંધજન તાલીમ અને ઉત્પાદન કેન્દ્ર
- શ્રી રમણીકલાલ મોહનલાલ શાહ માધ્યમિક કોમ્પ્યુટર લેબ
- [illegible]ભગવાન લવજી પ્રજ્ઞાચક્ષુ કન્યા છાત્રાલય
- શ્રી ચત્રભુજ મોતીલાલ તથા શ્રીમતિ અજવાળીબેન ચત્રભુજ ગાંધી ચિલ્ડ્રન હાઉસ
- સ્વ. શેઠશ્રી ડાહ્યાભાઈ ઘેલાભાઈ કરમચંદ શાહ તથા સ્વ. શ્રી રમેશચંદ્ર અમૃતલાલ શાહ ટેકનીકલ સ્કૂલ છાત્રાલય
- ધી ઈન્ડસ્ટ્રીયલ ડૅવલપમેન્ટ એન્ડ ઈન્ડ. કાં. પ્રા.લી. (મુંબઈ) સ્કિલ ડૅવલપમેન્ટ સેન્ટર
- કાનન સંગીત કલા કેન્દ્ર
- શ્રીમતી વસુમતી નરેન્દ્ર મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ મ્યુઝીક પરફોર્મિંગ આર્ટ એકેડમી
- શ્યામસુંદર ફીઝીયો થેરાપી સેન્ટર

**: : શોક ઠરાવ : :**

શ્રી લાભુભાઈ સોનાણી તથા બહેન નિષ્ઠા, સ્વર્ગસ્થ નીલાબહેન સોનાણીની અચાનક થયેલી વિદાય સહુ માટે હૃદયદ્રાવક અને વસમી બની રહી છે. સમગ્ર સંસ્થા પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યું છે, સ્વર્ગસ્થ નીલાબહેને સંસ્થા માટે કરેલા કાર્યો ક્યાં ગણવા અને ક્યાં ન ગણવા, કેટલા અને કેવા સુંદર કાર્યો એ બાળકોના શિક્ષણની વાત હોય, પ્રવાસની હોય કે પછી પ્રજ્ઞાચક્ષુ દીકરીઓને હોમ સાયન્સ માટે આપવામાં આવતી તાલીમ હોય આવા અઢળક કાર્યો દ્વારા તે હરહંમેશ સંસ્થાના કણ-કણમાં વસતા રહેશે, બાળકોના અંતરમાં ધબકતા રહેશે...

સૌના લાડીલા, સદાય સૌનું શ્રેય ઈચ્છતા નીલાબહેનની અણધારી વિદાયથી આપ સૌ કુટુંબીજનો વ્યથિત હો તે સ્વાભાવિક છે, જગતમાં જે કોઈ આવે છે તે ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે, પાછળ તો માત્ર સ્મૃતિઓના વન જ મુકતો જાય છે. પરમકૃપાળુ પરમાત્મા આ દુઃખ સહન કરવાની આપને શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના.

ૐ શાંતિઃ ... શાંતિઃ ... શાંતિઃ ...
સંસ્થા પરિવારવતી

(સહી)
**મહેશભાઈ સી. પાઠક**
**માનદ્ મંત્રી**

F:\FINAL LETTER\FINAL LETTER 2021-22\KKBS\PRINTED LETTERPAD KKBS 2021-22(17)



*વર્તમાન યુગમાં અતરની બાટલી બંધ છે, ગંદકી ગટરના ઢાકણા ખુલ્લાની વિડંબના છે.*

કેડિબિલિટી અલાયન્સ, નવી દિલ્હી, દ્વારા માન્ય

**શ્રીમતી પરસનબેન નારણદાસ રામજી શાહ (તળાજાવાળા) સોસાયટી ફોર રીલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધી ડિસેબલ્ડ (પી. એન. આર. સોસાયટી)**

PNR HOPE 4 HANDICAPPED

▪ હેડ ઓફિસ : નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કૉલેજ કેમ્પસ, સરદાર પટેલ સ્કૂલ પાસે, કાળિયાબીડ, ભાવનગર- ૩૬૪ ૦૦૨. (ગુજરાત) ભારત. ફોન : ૦૨૭૮-૨૫૭૦૧૨૬, ૨૪૭૦૨૩૨
▪ E-mail : info@pnrsociety.org / paras.shah@pnrsociety.org

CREDIBILITY ALLIANCE 28-07-17 TO 27-07-22

▪ પ્રમુખ : શશીકાંત આર. વાઘર ▪ વાઈસ ચેરમેન : ભરત એસ. પારેખ, કૃષ્ણકાંત વી. ચિતલીયા ▪ ટ્રેઝરર : હર્ષકાંત પી. રાખશિયા ▪ ચેરમેન : નરેન્દ્ર કે. શાહ ▪ મંત્રી : કિરીટ એ. રાઠોડ ▪ ચીફ એક્ઝિક્યુટીવ : અનંત કે. શાહ ▪ સેક્રેટરી જનરલ : પારસ સી. શાહ ▪ સહમંત્રી : ડી. જે. ધંધુકીયા, પ્રકાશ એન. દેસાઈ

નં.: PNRS/ તારીખ :

No. PNRS/ADMN/S-18/ 2021-22/35 તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૧

## શોક સંવેદના

સાથી શ્રી લાભુભાઈ,

તમારા માથે આભ તૂટી પડયું છે. શબ્દોથી દિલાસો આપવો તેનો ઉકેલ નથી તેમ સમજવા છતાં હૃદયની વ્યથા વ્યક્ત કર્યા વગર રહેવાતું નથી.

